અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ ચોથ | અંક : ૫૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સંસદના વિશેષ સત્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંબોધન

# ભારત વિશ્વ મિત્ર તરીકે સ્થાન બનાવ્યું પણ ઘણા લોકોમાં ભારત પર શંકા કરવાની વૃત્તિ

## નવા સંસદ ભવનમાં સત્ર અંગે વડાપ્રધાને કહ્યું, આપણે ભલે નવી ઈમારતમાં જઈએ પરંતુ જૂની ઈમારત આવનારી પેઢીઓને હંમેશા પ્રેરણા આપતી રહેશે

। નવી દિલ્હી, તા.૧૮ ।

સંસદના વિશેષ સત્રમાં પીએમ નરેન્દ્ર મોદીએ લોકસભામાં કહ્યું કે, આજનો દિવસ પ્રેરણાદાયી ક્ષણોને યાદ કરીને આગળ વધવાની તક છે. આપણે બધા આ ઐતિહાસિક સદનથી વિદાય લઈ રહ્યાં છીએ. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, દેશની વિવિધ સરકારોએ દેશનું ગૌરવ અને સન્માન વધારવા માટે કામ કર્યું છે. આ ઉપરાંત તેમણે એ પણ કહ્યું કે, ઘણા લોકોમાં ભારત પર શંકા કરવાની વૃત્તિ છે. આપણા બધા માટે ગર્વની વાત છે કે, આજે ભારત વિશ્વ મિત્ર તરીકે પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યું છે.

સંસદના વિશેષ સત્રને સંબોધતા પીએમ નરેન્દ્ર મોદીએ લોકસભામાં કહ્યું કે, આજનો દિવસ પ્રેરણાદાયી ક્ષણોને યાદ કરીને આગળ વધવાની તક છે. આપણે



બધા આ ઐતિહાસિક ઘરને વિદાય આપી રહ્યા છીએ. આપણે ભલે નવી ઈમારતમાં જઈએ પરંતુ જૂની ઈમારત આવનારી પેઢીઓને હંમેશા પ્રેરણા આપતી રહેશે. આ ગૃહ દ્વારા હું ફરી એકવાર દેશના વૈજ્ઞાનિકો અને તેમના સાથીદારોને અભિનંદન પાઠવું છું. પીએમ મોદીએ કહ્યું કે, જી-૨૦ની સફળતા માટે હું તમારો આભાર વ્યક્ત કરું છું. આ ભારતની સફળતા છે, કોઈ વ્યક્તિ કે પક્ષની સફળતા નથી.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, દેશની વિવિધ સરકારોએ દેશનું ગૌરવ અને સન્માન વધારવા માટે કામ કર્યું છે. જ્યારે આફ્રિકન યુનિયનને જી-૨૦નું સભ્યપદ મળ્યું ત્યારે તે ભાવનાત્મક ક્ષણ હું ભૂલી શકતો નથી. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે, ઘણા લોકોમાં ભારત પર શંકા કરવાની વૃત્તિ છે. આપણા બધા માટે ગર્વની વાત છે કે, આજે ભારત વિશ્વ મિત્ર તરીકે પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યું છે.

આખી દુનિયા ભારતમાં પોતાના મિત્રને શોધી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે, આ ગૃહને વિદાય આપવી એ ખૂબ જ ભાવનાત્મક ક્ષણ છે. પરિવાર જૂનું ઘર છોડીને નવા ઘરમાં જાય તો પણ ઘણી યાદો થોડી ક્ષણો માટે તેને હચમચાવી દે છે. જ્યારે આપણે આ ઘર છોડીને જઈ રહ્યા છીએ, ત્યારે આપણું મન અને મગજ પણ તે લાગણીઓથી ભરાઈ ગયું છે અને ઘણી બધી યાદોથી ભરાઈ ગયું છે. ઉજવણીઓ, ઉત્તેજના, ખાટી અને મીઠી ક્ષણો, ઝઘડાઓ આ યાદો સાથે સંકળાયેલા છે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આઝાદી પહેલા આ ગૃહ ઈમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલની બેઠક હતી. આઝાદી પછી તેને સંસદ ભવન તરીકે માન્યતા મળી. એ વાત સાચી છે કે, આ ઈમારત બાંધવાનો નિર્ણય વિદેશી શાસકોનો હતો. પરંતુ આપણે આ ક્યારેય ભૂલી શકતા નથી અને આપણે ગર્વથી કહી શકીએ છીએ કે, આ ઈમારતના નિર્માણમાં મારા દેશવાસીઓનો પરસેવો લાગ્યો, મહેનત મારા દેશવાસીઓએ લગાવી અને પૈસા પણ મારા દેશના લોકોના જ હતા.

### ન્યૂઝ બ્રિફ

## ૨૩ વર્ષ પહેલાંની શ્રીલંકા સામે હારનો ભારતે બદલો લીધો



। નવી દિલ્હી, તા.૧૮ ।

એશિયા કપ ૨૦૨૩ની ફાઈનલ મેચમાં ગઈકાલે ભારતીય ટીમે શ્રીલંકાને ૧૫.૨ ઓવરમાં માત્ર ૫૦ રનના સ્કોર પર ઓલઆઉટ કરવાની સાથે પોતાનો ૨૩ વર્ષ જૂનો બદલો પૂરો કર્યો હતો. ભારતીય ટીમે આ ટાર્ગેટને ૬.૧ ઓવરમાં હાંસલ કરી મેચમાં ૧૦ વિકેટથી જીત મેળવી હતી. આ ફાઈનલ મેચમાં મોહમ્મદ સિરાજે ઘાતક બોલિંગ કરી ૬ વિકેટ ઝડપી હતી. એશિયા કપ માં ભારત ૮મી વખત વિજેતા બન્યું હતું. ભારતીય ટીમે આ જીત સાથે વર્ષ ૨૦૦૦માં શ્રીલંકાથી ચેમ્પિયંસ ટ્રોફીની ફાઈનલ મેચમાં મળી કારમી હારનો બદલો પણ લીધો હતો.

## ચીને તાઈવાનના એરસ્પેસની નજીક ફાઈટર વિમાનો મોકલતા ખળભળાટ

। બેઈજિંગ, તા.૧૮ ।

વૈશ્વિક સ્તરે આક્રમક રણનીતિને કારણે એકલાં પડી ગયેલા ચીને હવે તેના પાડોશીઓની હેરાનગતિ કરવાનું વધારી દીધું છે. ફરી એકવાર ડ્રેગને તાઈવાનના એરસ્પેસની નજીક તેના ફાઈટર વિમાનોનો કાફલો મોકલી ખળભળાટ મચાવી દીધો છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે સોમવારે એક એલર્ટ જાહેર કરતાં જણાવ્યું કે ચીને છેલ્લા ૨૪ કલાકમાં તેની સૈન્ય પ્રવૃત્તિઓમાં ધરખમ વધારો કર્યો છે. આ દરમિયાન તાઈવાને હવાઈ સરહદની નજીક ચીનના ૧૦૩ ફાઈટર જેટ્સની હિલચાલ નોંધી હતી.

## શાંતિનિકેતન યુનેસ્કો વર્લ્ડ હેરિટેજની લિસ્ટમાં સામેલ

। કોલકાતા, તા.૧૮ ।

પશ્ચિમ બંગાળમાં સ્થિત શાંતિનિકેતનને યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજની લિસ્ટમાં સામેલ કર્યું છે. મહાન કવિ રવીન્દ્રનાથ ટાગોરે એક સદી પહેલા આ આશ્રમમાં વિશ્વભારતીની સ્થાપના કરી હતી. યુનેસ્કોએ ગઈકાલે સોશયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરી આ અંગે જાહેરાત કરી હતી. પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં સ્થિત આ સાંસ્કૃતિક સ્થળને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં કરાવવા માટે ભારત લાંબા સમયથી પ્રયત્ન કરી રહ્યું હતું.

### અનંતનાગ એન્કાઉન્ટર પર એલજી મનોજ સિન્હાનું નિવેદન

# સૈનિકોની શહાદતનો બદલો લેવામાં આવશે : મનોજ સિન્હા

। શ્રીનગર, તા.૧૮ ।

જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ મનોજ સિન્હાએ આતંકવાદીઓને ચેતવણી આપતા કહ્યું કે જવાનોની શહાદતનો બદલો લેવામાં આવશે.આતંકવાદીઓને બક્ષવામાં નહીં આવે. મનોજ સિંહા એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા જ્યાંથી તેમણે આતંકવાદીઓને સીધી ચેતવણી આપી દીધી છે. જણાવી દઈએ કે બુધવારે સવારે આતંકીઓ સાથેની અથડામણમાં સેનાની ૧૯ રાષ્ટ્રીય રાઈફલ્સના કમાન્ડિંગ ઓફિસર કર્નલ મનપ્રીત સિંહ, મેજર આશિષ ધોચક, જમ્મુ-કાશ્મીર પોલીસના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ હુમાયુ ભટ અને સેનાના અન્ય જવાન શહીદ થયા હતા.જેને લઈને જમ્મુના કાશ્મીરના રાજ્યપાલ સહિત દેશવાસીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ચાલી રહેલી અથડામણ વચ્ચે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કહ્યું કે બે વરિષ્ઠ અધિકારીઓ સહિત સૈનિકોના મોતનો બદલો લેવામાં આવશે. SKICC, શ્રીનગર ખાતે 'અમે બધા એક છીએ' શીર્ષક હેઠળના કાર્યક્રમમાં બોલતા, એલજીએ કહ્યું કે જ્યારે તેમનું વહીવટીતંત્ર આ ક્ષેત્રમાં કાયમી શાંતિ જાળવવા માટે પ્રતિબદ્ધ છે, ત્યારે જમ્મુ અને કાશ્મીરના લોકો પણ આતંકવાદથી છૂટકારો મેળવવા માંગે છે. એલજી મનોજ સિન્હાએ કહ્યું- "અમે જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ જાળવવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે અમારા સૈનિકોના મોતનો બદલો લઈશું. આમાં સામેલ લોકોને જડબાતોડ જવાબ આપવામાં આવશે અને તેમને ભારે કિંમત ચૂકવવી પડશે. સમગ્ર રાષ્ટ્ર આજે આપણા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરો.



દેશભરમાં આજથી દસ દિવસ ગણેશ ઉત્સવ શરૂ થઈ જવા રહ્યો છે ત્યારે ગણપતિની સ્થાપના કરવા માટે અમદાવાદના ગુલબાઈ ટેકરા પાસેથી ગણપતિની મૂર્તિઓ શ્રદ્ધાળુઓ લઈ જઈ રહ્યા છે.

### સંસદના વિશેષ સત્રમાં સરકાર પર કોંગ્રેસના પ્રહાર

# ઝીરો કમળથી ઢંકાઈ ગયો તેથી જી૨૦ને બદલે જી૨ દેખાય છે : ખડગે

## વિપક્ષને તપાસ એજન્સીઓ દ્વારા તેને નબળો પાડવા પર ધ્યાન આપવામાં આવી રહ્યું હોવાનો કોંગ્રેસ નેતાનો આક્ષેપ

। નવી દિલ્હી, તા.૧૮ ।

સંસદના પાંચ દિવસીય વિશેષ સત્રની શરૂઆત આજથી થઈ ગઈ છે. પ્રથમ દિવસે જુની બિલ્ડીંગમાં કાર્યવાહી થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં ચર્ચાની શરૂઆત કરી. તે જ સમયે, સંસદના વિશેષ સત્રમાં વિપક્ષી નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન



ખડગે ઘણી વાતો પર સરકારને ઘેરી હતી. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જી૨૦ને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધવાનો પ્રયાસ કર્યો. ખડગેએ તેમના ભાષણમાં કહ્યું કે, મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાઓ પર ધ્યાન આપવાને બદલે જી૨ની વાત કરવામાં વ્યસ્ત છીએ.

જયારે ખડગે જી૨૦ને બદલે જી૨ બોલ્યા ત્યારે સભાપતિ જગદીપ ધનખડે તેમને ટોક્યા હતા. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, તે જી-૨૦ છે. તેના જવાબમાં ખડગેએ કહ્યું કે, જી-૨૦નો ઝીરો કમળથી ઢંકાય ગયો હતો.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ, જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN Channel Nine Network GUJARAT Gujarati Daily News Paper

LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



# હોસ્ટેલમાં ફસાઈ ગયેલા ૧૦ વિદ્યાર્થીઓનું દિલધડક રેસ્ક્યૂ

## ભારે વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં જળબંબાકાર જેવી સ્થિતિ : નર્મદાના નીર નદી કિનારાના ઘરોમાં ઘુસ્યા

। નર્મદા, તા.૧૮ ।

જિલ્લામાં સવારથી જ મેઘરાજા તડાફડી બોલાવી રહ્યા છે. ત્યારે ભારે વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં જળબંબાકાર જેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ છે. નર્મદાના નીર નદી કિનારાના ઘરોમાં ઘૂસી ગયા છે. ત્યારે નર્મદાના માંગરોળ ગામમાં ફસાયેલા ૪૦ જેટલા બાળકોને બચાવી લેવામાં આવ્યા છે. SDRF બાદ હવે NDRFની ટીમો કામે લાગી હતી.

NDRFએ વાઈબ્રન્ટ વેલ્ઝ ઈન્ટરનેશન એકેડેમીમાં ભણતા ૧૦ જેટલા બાળકોને બચાવી લેતા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. હજુ ૧૫ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સાધુઓ આશ્રમમાં ફસાયેલા છે. એનડીઆરએફ સાથે જિલ્લા પોલીસ પણ બચાવ કામગીરીમાં જોતરાઈ છે. આશ્રમમાં ફસાયેલા સાધુ સહિત વિદ્યાર્થીઓને બચાવવા માટે તમામ કામગીરી ચાલુ છે. આ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા આશિષ પાંડે જણાવે છે કે, 'સવારે જાણવા મળ્યું કે, પૂરનું પાણી રોડ પર ફરી વળ્યું છે. ધીમે ધીમે પાણી વધતું ગયું અને કેમ્પસમાં ઘૂસી ગયું. જોતજોતામાં જ પાણીનો ફોર્સ એટલો જોરદાર હતો કે પહેલો માળ આખો પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. અહીં ૧૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો સહિત પ્રિન્સિપાલ પણ ફસાયેલા હતા. ત્યારે જિલ્લા પ્રશાસને બનતી મદદ કરીને આ પરિસ્થિતિમાંથી અમને ઉગાર્યા હતા.' તો આ શાળામાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી જયપાલસિંહ જણાવે છે કે, '૬થી ૭ કલાક ફસાયેલા હતા. પહેલો માળ ડૂબી ગયો હતો ત્યારે અમે ત્રીજા માળે પહોંચી ગયા હતા. હજુ મારા ઘણાં મિત્રો, શિક્ષકો અને પ્રિન્સિપાલ ત્યાં જ ફસાયેલા છે.'




ભેટાસી વાટા ગામ ખાતે પૂર પ્રભાવિત ગ્રામજનોને તાજુ અને ગરમ ભોજન આપવામાં આવ્યું.

# ભરૂચ-અંકલેશ્વર વચ્ચેનો રોડ પણ બંધ કરી દેવાયો



। અમદાવાદ, તા.૧૮ ।

સરદાર સરોવર ડેમમાંથી સતત પાણી છોડાઈ રહ્યું છે. નર્મદા નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. ભરૂચ, અંકલેશ્વરમાં પૂરના પાણી ફરી વળ્યાં છે. ત્યારે આવા સંકટ વચ્ચે ભરૂચ-અંકલેશ્વર બ્રિજ પરથી પસાર થતી ટ્રેનને અસર થઈ છે. આ કારણે રેલવે દ્વારા અનેક ટ્રેન ડાયવર્ટ તો અનેક ટ્રેન કેન્સલ કરવામાં આવી છે. આજના લેટેસ્ટ અપડેટ અનુસાર, ૧૫ જેટલી ટ્રેનને કેન્સલ કરવામાં આવી જ્યારે ૧ ટ્રેનને ડાયવર્ટ કરવામાં આવી છે.

### બનાસકાંઠામાં ભારે મેઘ ખાંગા!

# ભારે વરસાદથી પાલનપુર અને અંબાજી હાઇ-વે પાણીમાં ડૂબ્યો

## નાસકાંઠામાં પણ ધોધમાર વરસાદ વરસાદ વરસ્યો છે, જેના પગલે ડીસાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

। બનાસકાંઠા, તા.૧૮ ।

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. રાજ્યમાં સવારથી જ વરસાદી માહોલ જોવા મળ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં મોડી રાત્રિથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જિલ્લાના પાલનપુર, દાંતીવાડા, ડીસા, વડગામ, અમીરગઢ, કાંકરેજ, ભાભર, ધાનેરા, વાવ, થરાદના અનેક વિસ્તારોમાં ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. લાંબા સમયના વિરામ બાદ વરસાદ શરૂ થતાં મુરઝાઈ રહેલા પાકને જીવતદાન મળતાં ધરતીપુત્રોમાં ભારે ખુશી છવાઈ છે તો બીજી તરફ પાલનપુરમાં પડેલા સામાન્ય વરસાદમાં જ પાલનપુર -અંબાજી હાઈવે ઉપર ધનિયાણા ચોકડી નજીક મુખ્ય માર્ગ ઉપર એક ફૂટ જેટલા પાણી ભરાઈ જતા પાલનપુરથી દાંતા, અંબાજી અને વડગામ જતા તેમજ અંબાજીથી પાલનપુર તરફ આવતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. સામાન્ય વરસાદમાં જ હાઈવે ઉપર અવારનવાર પાણી ભરાઈ જતા હોવાથી અનેક રજૂઆતો બાદ પણ પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન કરતાં વાહનચાલકોમાં રોષ છે તો બીજી બાજુ લાંબા સમય બાદ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસતા લોકો અને ખેડૂતોમાં ખુશી પ્રસરી છે. બનાસકાંઠા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે, જેના કારણે પાલનપુર -અંબાજી હાઈવે પર પાણી ભરાયા છે. બીજી બાજુ ઉત્તર ગુજરાતથી સૌરાષ્ટ્ર, અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ તૂટી પડ્યો છે. જેને કારણે અનેક ડેમ ઓવરફ્લો થયા છે. તો અનેક વિસ્તારો ડૂબાણમાં આવ્યા છે. આ કારણે લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે.

અરવલ્લી જિલ્લામાં ખુબ લાંબા વિરામ બાદ ફરી વરસાદે ધમાકેદાર બેટિંગ કર્યું. જેમાં બાયડ અને ધનસુરામાં ૫ થી ૬ ઈંચ જેટલો વરસાદ ખાબક્તા ચારેકોર વરસાદી પાણી ફરી વળ્યાં હતાં.

### નર્મદાનું જળસ્તર ઐતિહાસિક ૪૧ ફૂટને પાર પહોંચ્યું

# સાલ ૧૯૭૦ બાદ પહેલીવાર ભરૂચમાં આવું પૂર આવ્યું

## અંકલેશ્વર, ઝઘડિયા, ભરૂચ, વાગરાના અનેક ગામ પાણીમાં

। ભરૂચ, તા.૧૮ ।

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક ભાગોને છોડીને સમગ્ર રાજ્યમાં મેઘમહેર થઈ છે. ઉત્તર ગુજરાતને વરસાદે મોટી રાહત આપી છે. જો કે ભારે વરસાદે મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં નુકસાન પણ વેર્યું છે. ગુજરાતમાં દ્ગડ્ઢઈહ્લની ૧૦ ટીમ તહેનાત કરવામાં આવી છે. ભરૂચમાં દ્ગડ્ઢઈહ્લની ત્રણ ટીમ મુકવામાં આવી છે. નર્મદામાં દ્ગડ્ઢઈહ્લની બે ટીમ તો પંચમહાલ, અરવલ્લી, વડોદરા, જૂનાગઢ, રાજકોટમાં એક એક ટીમ તૈનાત કરાઈ છે. નર્મદા નદી બે કાંઠે થતા ભરૂચમાં સ્થિતિ વિકટ બની છે. ભરૂચ આખામાં નર્મદાના પાણી ફરી વળ્યા છે. નર્મદાનું જળસ્તર ઐતિહાસિક ૪૧ ફૂટને પાર પહોંચી છે. હાલ નર્મદા નદીનું જળસ્તર ૪૧.૬૦ ફુટ પર પહોંચ્યું છે. અંકલેશ્વર, ઝઘડિયા, ભરૂચ, વાગરાના અનેક ગામ પાણીમાં ગરકાવ થયા છે.

ભરૂચના શહેરી વિસ્તારોમાં નર્મદાના પૂરના પાણી ભરાયા છે. ફુરજા બંદર, ચાર રસ્તા, દાંડિયા બજાર, વિસ્તારમાં પાણી ભરાવાથી વાહન વ્યવહાર ખોરવાયો છે. વર્ષ ૧૯૭૦ બાદ ફરી એકવાર નર્મદાએ ઐતિહાસિક સપાટી વટાવી છે. આ કારણે અંકલેશ્વર, હાંસોટ રોડ અને દીવા રોડની સોસાયટીઓમાં અનેક મકાનોમાં પ્રથમ માળ સુધી પાણી ભરાયાં છે. હજારો લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત મૂકાયું છે. અંકલેશ્વરના રામકુંડ રોડ ઉપર આવેલ રોહિતવાસમાં પૂરના પાણીના દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. તો અંકલેશ્વર, ઝઘડિયા , ભરૂચ અને વાગરાનાં અનેક ગામોમાં પાણી ભરાયા છે.

ભરૂચની અનેક સોસાયટીઓમાં પહેવા માળ સુધી પાણી ભરાયેલા જોવા મળ્યા છે. અંકલેશ્વર, હાસોટ રોડ, દીવા રોડની અનેક સોસાયટીઓ બેટમાં ફેરવાઈ છે. અંકલેશ્વરના રામકુંડ રોડ પર રોહિતવાસમાં નર્મદાના પાણી ફરી વળતા વિકટ સ્થિતિ સર્જાઈ છે. પાણી ભરાતા ફુરજા બંદર, ચાર રસ્તા, દાંડિયા બજાર, વિસ્તારમાં વાહન વ્યવહાર ખોરવાયો છે.

**રેવામાં રેલની ૧૩૬ વર્ષની તવારીખ**

- ૧૯૭૦ ની મહારેલ : ભરૂચમાં ૪૧.૫૦ ફૂટની સપાટી, ૨૫૬ ગામના ૨.૧૫ લાખ લોકો પ્રભાવિત.
- એ ઐતિહાસિક નર્મદા નદીની રેલમાં ૩૫૫ માનવી અને ૧૯૭૨ પશુઓના થયા હતા મોત.

- જુના ભરૂચના કતોપોર બજારમાં ૧૫ ફૂટ જેટલી ઊંચાઈ એ વહ્યાં હતા પુરના પાણી

- ત્રણ દિવસ રહેલા વિનાશક પુરમાં બે દિવસમાં વાવાઝોડા સાથે ૧૮ ઈંચ વરસાદ ખાબક્યો હતો.
- સાલ ૧૮૮૭ થી ૧૯૩૬ સુધી ૫૦ વર્ષમાં નર્મદા નદીમાં ૧૫ લાખ ક્યુસેકના પુર આવ્યા.
- ૧૯૩૭ થી ૬૭ સુધીના ૩૦ વર્ષમાં ૧૫ લાખ ક્યુસેક કરતા વધુના ઘોડાપુર ભરૂચમાં નોંધાયા.
- ૧૨૧.૯૨ મીટરની નર્મદા નદીની સપાટી સુધી ૧૨ લાખ ક્યુસેકના પુરનો ભૃગુણગરીએ કર્યો સામનો.
- નર્મદા ડેમની સપાટી ૧૩૮.૬૮ મીટર થતા ૮ લાખ ક્યુસેકમાં જ ૬ વર્ષથી પુર સીમિત થયા.

# અંકલેશ્વરની ૧૫ સોસાયટીમાં મધરાતે ઘૂસ્યા પૂરના પાણી

। ભરૂચ, તા.૧૮ ।

ઉપરવાસના ભારે વરસાદના કારણે ભરૂચની નર્મદા નદીની સપાટીમાં વધારો થયો છે. તો બીજી બાજુ અંકલેશ્વર - હાંસોટ રોડ ઉપર પૂરના પાણી ફરી વળ્યા છે અને ૧૫થી વધુ સોસાયટીમાં પાણી ભરાયા છે. આ વિસ્તારમાં ઘરોના નીચેના માળ સુધી પાણી ભરાઈ ગયા છે. મોડી રાતથી નર્મદા નદીના પાણી આવવાને કારણે લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. લોકોનું રેસ્ક્યૂ કરવા માટે બારડોલી ફાયર બ્રિગેડને કોલ મળતા આવી પહોંચતા મદદ મળી હતી. મળતી માહિતી પ્રમાણે, અંકલેશ્વર - હાંસોટ રોડ ઉપર પૂરના પાણી ફરી વળતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ૧૫થી વધુ સોસાયટીઓમાં પાણી ભરાતા લોકોને ઘણું જ નુકસાન થયું છે. બારડોલી ફાયર બ્રિગેડને કોલ મળતા તેમણે અહીં આવીને લોકોના જીવ બચાવ્યા છે. બારડોલી ફાયર બ્રિગેડની ટીમે છ લોકોની એક ટીમ દ્વારા બોટ મારફતે રેસ્કયુ હાથ ધર્યુ છે. તેમણે ૧૦થી વધુ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે. આ વિસ્તારોમાં એટલું પાણી છે કે, ફાયરની ટીમને બોટ લઈને પોતાનું કામ કરવું પડ્યુ હતુ. આ વિસ્તારોમાં મોડી રાતથી પાણી આવવાને કારણે લોકોનાં વાહનો આખેઆખા ડૂબી ગયા છે. આ સાથે તેમના ઘરોમાં એક માળ સુધીનું પાણી આવી જતા તેમના સામાનમાં ઘણું જ નુકસાન થવાની ભીતી છે. ભરૂચ - અંક્લેશ્વર માર્ગ ઉપર પાણી ભરાતા મોડી રાત્રે પોલીસની બસ પણ તણાઈ ગઈ હતી. જેમા બે પોલીસકર્મીઓ પાણીમાં તણાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. તંત્ર અને પોલીસ આ રેસ્ક્યુ કામગીરીમાં જોડાયા છે. નર્મદા નદીમાં ભારે પૂરના કારણે ટ્રેન વ્યવહાર પર અસર પણ થઈ છે. ભરૂચ - અંક્લેશ્વર વચ્ચે સિલ્વર બ્રિજ પર પાણી આવતા ટ્રેન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. ૨૦૧૩ બાદ ૧૦ વર્ષ પછી પૂરના પાણીથી ટ્રેનો થંભી ગઈ છે. વેસ્ટર્ન રેલ્વેનો મુંબઈ - અમદાવાદ વચ્ચે રેલ વ્યવહાર અપ-ડાઉન ટ્રેક પર અનિશ્ચિત સમય સુધી બંધ કરાયો છે.

## વિશેષ લેખ

### સાવધાન ! પૃથ્વીના વાતાવરણમા ઝેરી વાયુનુ પ્રમાણ વધી રહ્યું છે

# આપણી આસપાસની આબોહવાની અસર પૃથ્વી પર વસાતા તમામ મનુષ્યો, પશુ પંખીઓ અને પ્રકૃતિ પર જુદી અસરો થઈ રહી છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

જેમકે સરેરાશ તાપમાનમાં વધારો, વરસાદની માત્રામાં ફેરફારો, વાવાઝોડાની ઘટનાઓમાં વધારો, વગેરે ને આબોહવા પરિવર્તન કે વૈશ્વિક ઉષ્ણતા કહેવામાં આવે છે. સમયાંતરે કુદરતી કારણોસર આબોહવામાં પરિવર્તન થતા રહે છે પરંતુ છેલ્લા સો વર્ષોમાં થયેલા પરિવર્તનો માટે મુખ્યત્વે માનવ નિર્મિત કારણોજ જવાબદાર છે. અશ્મિય બળતણ જેવાકે પેટ્રોલ, ડીઝલ, જમીનમાંથી નીકળતો કોલસો, વગેરેના વપરાશથી હવામાં કાર્બન ડાયોક્સાઈડ અને મિથેન જેવા વાયુઓનું પ્રમાણ વધ્યું છે.

આ વાયુઓ પૃથ્વીમાંથી ઉત્સર્જિત વીજતરંગીય ઉર્જાને અંતરિક્ષમાં જતી રોકે છે જેના કારણે તાપમાનમાં વધારો થાય છે. ઉર્જા માટે અશ્મિય બળતણના વપરાશ ઉપરાંત ડાંગરની ખેતી અને પશુપાલનમાં વધારો, જંગલોનું ઓછું થવું, અને સિમેન્ટના ઉત્પાદન જેવી ઔદ્યોગીક પ્રવૃતીઓના કારણે પણ આ વાયુઓનું પ્રમાણ હવામાં વધ્યું છે અને તાપમાન ના વધવામાં ભાગ ભજવે છે. તાપમાન સાથે સંકળાયેલી અન્ય પ્રક્રિયાઓ જેવીકે પર્વતો અને ધ્રુવીય પ્રદેશમાં બરફાચ્છાદીત વિસ્તારોનો વ્યાપ, હવામાં ભેજનું પ્રમાણ, સમુદ્રની અને જંગલોની કાર્બન ડાયોક્સાઈડને હવામાંથી દુર કરવાની ક્ષમતા વગેરે નાના તાપમાનના ફેરફારોને ચક્રિય પ્રક્રિયા દ્વારા મોટા બનાવી દે છે. ધરતીપર તાપમાનનો વધારો વૈશ્વિક સરેરાશ તાપમાન વધારા કરતાં લગભગ બમણો છે જેથી રણના વિસ્તારમાં વધારો થઈ રહો છે તેમજ ગરમીના મોજાઓની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. દાવાનળો (જંગલની આગ)ની ઘટનામાં વધારા માટે પણ હવામાનનું તાપમાન વધારો જવાબદાર છે.

વૈશ્વિક તાપમાનને કારણે સમુદ્રના સ્તરમાં વધારો થશે. અને પ્રિસિપેશન ની માત્રા અને પદ્ધતિમાં ફેરફાર લાવશે. જેમાં સબટ્રોપીકલ રણ વિસ્તાર માં વધારો થવાની પણ શક્યતઃ સંભાવના છે. અન્ય સંભવિત અસરોમાં આર્કટિક ઘટાડો અને તેના આર્કટિક મિથેન છૂટો થવો એ ભારે વાતાવરણ ઘટનાઓ, કૃષિ ઉપજ વેપાર માર્ગોમાં સુધારાઓ, બરફશિલાઓ ઓગળવી સ્પેશીસનો અંતની ઉગ્રતામાં વધારો કરે છે. અને રોગ ફેલાવા ની રેન્જમાં ફેરફાર કરે છે.

તાજેતરના વોર્મિંગના કારણો સંશોધનનો સક્રિય વિસ્તાર છે. વૈજ્ઞાનિક સંમતિ ઔદ્યોગિક યુગના પ્રારંભથી અનુભવવામાં આવેલા વોર્મિંગ પાછળ માનવીય પ્રવૃત્તિઓ જવાબદાર છે અને તેના કારણે વાતાવરણીય ગ્રીનહાઉસ ગેસમાં વધારો થયો છે અને અનુભવવામાં આવેલું વોર્મિંગ ફક્ત કુદરતી કારણો દ્વારા જ સંતોષકારક રીતે સમજાવી શકાય તેમ નથી. તાજેતરના ૫૦ વર્ષોમાં આ કારણ અત્યંત સ્પષ્ટ છે, જે એ સમય હતો જેમાં ગ્રીનહાઉસ ગેસ એકત્રીકરણના વધારાએ સ્થાન લીધુ હતુ અને તેના માટે અત્યંત સંપૂર્ણ માપદંડો અસ્તિત્વમાં છે.

ગ્રીનહાઉસની અસર જોસેફ ફોરીયર દ્વારા ૧૮૨૪માં શોધી કાઢવામાં આવી હતી અને ૧૮૯૬માં સૌપ્રથમવાર જથ્થાબંધ રીતે સ્વાટે એરહેનીયસ દ્વારા







તપાસ કરવામાં આવી હતી. આ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા એબ્સોર્પ્શન અને વાતાવરણીય ગેસદ્વારા ઈન્ફ્રારેડ રેડીયેશનનું પ્રદૂષણ ગ્રહ ના નીચા વાતાવરણ અને સપાટીને હૂંફાળું કરે છે. ગ્રીનહાઉસની અસરનું અસ્તિત્વ એટલું વિવાદસ્પદ નથી. જ્યારે માનવ પ્રવૃત્તિઓ ખાસ પ્રકારના ગ્રીનહાઉસ ગેસના વાતાવરણીય જથ્થામાં વધારો કરે છે ત્યારે ગ્રીનહાઉસની મજબૂતાઈમાં કેટલો ફેરફાર થાય છે તે પ્રશ્ન છે.

કુદરતી રીતે પેદા થતાં ગ્રીનહાઉસની વોર્મિંગ અસર આશરે ૩૩ અને એનબીએસપી; સી° (૫૯ અને એનબીએસપી; °એફ)છે, જેના વિના પૃથ્વી રહેવાલાયક નથી. પૃથ્વી પરના મોટા ગ્રીનહાઉસોમાં પાણીની વરાળ જે ગ્રીનહાઉસની અસરના આશરે ૩૬-૭૦ ટકા જેટલી થાય છે અને તેમાં (વાદળો કાર્બન ડાયોક્સાઈડ, (સીઓ૨)નો સમાવેશ થતો નથી અને તે ૯-૨૬ ટકામાં પરિણમે છે; મિથેન ($m^{a}$hane)(સીએચ૪), જે ૪-૯ ટકામાં પરિણમે છે અને ઓઝોન કે જે ૩-૭ ટકામાં પરિણમે છે.

જ્યારથી ઔદ્યોગિક ક્રાંતિએ વિવિધ ગ્રીનહાઉસ ગેસના વાતાવરણીય જથ્થામાં વધારો કર્યો છે ત્યારથી માનવીય પ્રવૃત્તિઓ સીઓ૨, મિથેન , ટ્રોપોસ્સ્ફેરિક ઓઝોન, સીએફસી અને નાઈટ્રસ ઓક્સાઈડ માથી કિરણોત્સર્ગી બળો માં પરિણમી છે. સીઓ૨અને મિથેનના વાતાવરણીય જથ્થા માં ૧૭૦૦ના દાયકાની મધ્યમાં જ્યારથી ઔદ્યોગિક ક્રાંતિ નો પ્રારંભ થયો ત્યારથી અનુક્રમે ૩૬ ટકા અને ૧૪૮ ટકાનો વધારો થયો છે.આ સ્તરો છેલ્લા ૬૫૦,૦૦૦ વર્ષો, કે જેમાંથી બરફના ટુકડા માંથી વિશ્વસનીય ડેટા મેળવવામાં આવ્યો છે, તેમાં કોઈ પણ સમયની તુલનામાં નોંધપાત્ર રીતે ઊંચા છે. ઓછા સીધા જિયોલોજીકલ પૂરાવાઓ પરથી એવું માનવામાં આવે છે કે સીઓ૨નું મૂલ્ય આશરે ૨૦ મિલીયન વર્ષો પહેલા અનુભવાયેલા સ્તરોમાં ઊંચુ હતું. માનવીય પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ એવી ફોસીલ ફ્યૂઅલને બાળવાથી છેલ્લા ૨૦ વર્ષોમાં સીઓ૨માં આશરે ત્રણ ગણો વધારો થયો છે. જમીનના વપરાશ, ખાસ કરીને જંગલોના નાશ ને કારણે અન્ય વધારો થયો છે. ફોસીલ ફ્યૂઅલ બાળવાની બાળવાની વધતી જતી પ્રવૃત્તિઓ અને જમીન વપરાશમાં ફેરફારને કારણે સીઓ૨ જથ્થામાં સતત વધારો થતો રહે તેવી ધારણા સેવવામાં આવે છે. વધારાની માત્રાનો આધાર અચોક્કસ આર્થિક સોશિયોલોજીકલ, ટેકનોલોજીકલ અને કુદરતી પ્રગતિઓ પર રહેશે. આઈપીસીસીનો પ્રદૂષણની સ્થિતિ પરનો ખાસ અહેવાલ ભવિષ્યના સીઓ૨ સ્થિતિની બહોળી રેન્જનો ખ્યાલ આપે છે, જે ૫૪૧થી શરૂ થઈને ૨૧૦૦ના વર્ષ સુધીમાં ૯૭૦ પીપીએમ સુધીની છે. આ સ્તર સુધી પહોંચવા માટે ફોસીલ ફ્યૂઅલની અનામત પૂરતી છે અને જો કોલસો (coal), ટાર સેન્ડઝ અથવા મિથેન ક્લેથ્રેટ નો સતત દુરુપયોગ કરવામાં આવશે તો ભૂતકાળના ૨૧૦૦ સુધી પ્રદૂષણ કરતા રહેશે.

ન્યૂઝ બ્રિફ

## અમૃતા શેરગિલનું પેઈન્ટિંગ સૈફ્રોનાર્ટ હરાજીમાં ૬૧.૮ કરોડમાં વેચાયું

। નવી દિલ્હી, તા.૧૮ ।

અમૃતા શેરગિલ કલાની દુનિયામાં એક ખૂબ જ પ્રખ્યાત નામ છે. તેમણે ભારતને પેઈન્ટિંગના એવા નમૂના આપ્યા છે જેની આજે પણ દુનિયાભરમાં ચર્ચા જારી છે. હાલમાં જ સૈફ્રોનાર્ટ હરાજીમાં તેમનું પેઈન્ટિંગ ૬૧.૮ કરોડમાં વેચવામાં આવ્યું હતું. આ સાથે આ ભારતનું સૌથી મોંઘુ પેઈન્ટિંગ બની ગયું છે. આ પહેલા સૈયદ હૈદર રઝાના પેઈન્ટિંગની કિંમત ૫૧.૭ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી. આ સાથે જ સૈયદ રઝાનું પેઈન્ટિંગ બીજું સૌથી મોંઘુ ભારતીય પેઈન્ટિંગ છે. વાસુદેવ એસ ગાયતોંડેનું પેઈન્ટિંગ ત્રીજા નંબરે છે જેની કિંમત વર્ષ ૨૦૨૦માં ૩૨ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી. વર્ષ ૨૦૦૬માં સૌથી મોંઘુ પેઈન્ટિંગનો રેકોર્ડ પણ અમૃતા શેરગિલે જ બનાવ્યો હતો. તેમના પેઈન્ટિંગની કિંમત ૬.૯ કરોડ રૂપિયા હતી. આ પેઈન્ટિંગ માટે ભારતમાં ચુકવવામાં આવેલ રકમ આજે પણ સૌથી મોટી રકમ છે. આ પેઈન્ટિંગમાં કેટલીક મહિલાઓ બેઠી છે જેમની સાથે બાળકો પણ છે.

## પીએફ માટે વર્ષ ૨૦૨૩-૨૪ માટે વ્યાજદરની જાહેરાત ન કરવા આદેશ

। નવી દિલ્હી, તા.૧૮ ।

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે ઈપીએફઓદ્વારા દર નાણાકીય વર્ષ માટે વ્યાજદરમાં ફેરફાર કરવામાં આવે છે. પીએફ ખાતાધારકોને સંબંધિત નાણાકીય વર્ષમાં તેમની જમા રકમ પર આ નક્કી કરવામાં આવેલા સુધારા પ્રમાણે વ્યાજ ચૂકવવામાં આવે છે, પરંતુ પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા કરોડો કર્મચારીઓ માટે એક માઠા સમાચાર સામે આવી રહ્યા છે. મળી રહેલી માહિતી પ્રમાણે ઈપીએફઓને નાણા મંત્રાલય દ્વારા મંજૂરી ન આપવામાં આવે ત્યાં સુધી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વ્યાજદરની જાહેરાત ન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. એવું કહેવાઈ રહ્યું છે કે ઈપીએફસંસ્થા ખોટમાં ગઈ છે. ઈપીએફઓશ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ આવે છે અને હાલમાં ઈપીએફઓના ૭ કરોડથી વધુ સભ્યો છે અને આ ઈપીએફઓદ્વારા કર્મચારીઓની કર્મચારી ભવિષ્ય નિધિ અને કર્મચારી પેન્શન યોજનાનું સંચાલન કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં, ઈપીએફઓપાસે ૪૪૯.૩૪ કરોડ રૂપિયાનું સરપ્લસ હતું, જ્યારે ચાલુ નાણાકીય વર્ષમાં, ઈપીએફઓ ૧૯૭.૭૨ કરોડ રૂપિયા ખોટમાં ગયું હોવાની માહિતી મળી રહી છે. આ બાદ જ ચૂકવવામાં આવનાર વ્યાજ દર પર પુનર્વિચાર કરવાનો નિર્ણય નાણા મંત્રાલય દ્વારા લેવામાં આવ્યો છે.

### એશિયા કપમાં ભારતની જીત છતાં પાકિસ્તાન આગળ

# પાકિસ્તાનની ટીમ બની ગઈ વનડે રેન્કિંગમાં ફરી નંબર-૧

### પાક. ટીમને આઈસીસી વનડે રેન્કિંગમાં ૧૧૫ રેટિંગ પોઈન્ટ

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતીય ટીમે આજે શ્રીલંકાને ૧૦ વિકેટે પરાજય આપી રેકોર્ડ આઠમી વખત એશિયા કપની ટ્રોફી કબજે કરી છે. મોહમ્મદ સિરાજની છ વિકેટની મદદથી શ્રીલંકાની ટીમ માત્ર ૫૦ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય ટીમે ૬.૧ ઓવરમાં લક્ષ્ય હાસિલ કરી લીધો હતો. એશિયા કપમાં ભારતની પાસે ત્રણેય ફોર્મેટમાં નંબર વન બનવાની તક હતી પરંતુ બાંગ્લાદેશ સામે હાર બાદ તેનું આ સપનું તૂટી ગયું હતું. પરંતુ એશિયા કપ જીત્યા બાદ પણ ભારતીય ટીમ આઈસીસી વનડે રેક્રિંગમાં ટોપ પર પહોંચી શકી નથી. ભારતની જીતથી પાકિસ્તાનને ફાયદો થયો અને તે વનડે રેન્કિંગમાં ફરી નંબર-૧ના સ્થાને પહોંચી ગઈ છે. આખરે આ કઈ રીતે શક્ય બન્યું કે પાકિસ્તાન ઓસ્ટ્રેલિયાને ૫ છાડી નંબર વન બની ગયું છે. પાકિસ્તાનની ટીમ જ્યારે



એશિયા કપ રમવા ઉતરી તો તે વનડે રેન્કિંગમાં નંબર વન ટીમ હતી. પરંતુ ભારત અને પછી શ્રીલંકા સામે મેચ ગુમાવવાને કારણે પાકિસ્તાનની ટીમ બીજા સ્થાને ખસી ગઈ અને ભારતીય ટીમ ફાઈનલ મુકાબલા પહેલા ત્રીજા સ્થાને હતી. ઓસ્ટ્રેલિયાની ટીમ આફ્રિકા સામે સતત બે મેચ જીતીને ટોપ પર પહોંચી ગઈ હતી. પરંતુ પાંચ મેચની સિરીઝમાં આફ્રિકાએ શાનદાર વાપસી કરતા ઓસ્ટ્રેલિયાને ૩-૨થી પરાજય આપ્યો છે.

### બેટર જેસન રોયની જગ્યાએ હેરી બ્રૂકનો સમાવેશ

# વનડે વિશ્વકપ માટે ઈંગ્લેન્ડની ટીમ જાહેર કરવામાં આવી છે

### ઈંગ્લેન્ડ વિશ્વકપમાં ન્યૂઝીલેન્ડ સામે રમીને અભિયાનનો પ્રારંભ કરશે : ઈંગ્લિશ ટીમ ટાઈટલ ડિફેન્ડ કરવા ઉતરશે

। નવી દિલ્હી, તા.૧૮ ।

વનડે વિશ્વકપ ૨૦૨૩ શરૂ થવામાં હવે ગણતરીના દિવસો બાકી છે. વિશ્વકપનો પ્રથમ મુકાબલો ૫ ઓક્ટોબરે રમાવાનો છે. આ મોટી ટૂર્નામેન્ટ માટે દુનિયાભરની ટીમો તૈયાર છે. આ વચ્ચે ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે પોતાની વિશ્વકપ ટીમની જાહેરાત કરી દીધી છે. આ ટીમની કમાન જોસ બટલરને સોંપવામાં આવી છે. તો ટીમમાંથી એક સ્ટાર ખેલાડીને બહાર કરી દેવામાં આવ્યો છે.

ઈંગ્લેન્ડે ૫૦ ઓવરના વિશ્વકપની ટીમમાં સ્ટાર ઓપનિંગ બેટર જેસન રોયની જગ્યાએ હેરી બ્રૂકને સામેલ કર્યો છે. બ્રૂક, જેને ઈંગ્લેન્ડની અસ્થાયી વિશ્વકપ ટીમમાં બહાર રાખવામાં આવ્યો હતો, જેને ન્યૂઝીલેન્ડ



વિરુદ્ધ તાજેતરમાં સમાપ્ત થયેલી સિરીઝમાં સામેલ કરવામાં આવ્યો હતો. ડેવિડ મલાન, જેણે ન્યૂઝીલેન્ડ સામે ત્રણ વનડે મેચની સિરીઝમાં ૨૭૭ રન ફટકાર્યા, તેને પણ ટીમમાં જગ્યા મળી છે. તે જોની બેયરસ્ટો સાથે ઓપનિંગ કરી શકે છે. પીઠની ઈજાને કારણે રોયને બહાર કરવામાં આવ્યો છે.



### ટીમમાં જગ્યા મેળવવાની તક શોધતો હતો કુલદીપ

# શું બાબાના ચમત્કારથી ચમક્યું કુલદીપ યાદવનું ભાગ્ય?

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતીય ક્રિકેટ ટીમે ધાકડ ઓપનર રોહિત શર્માની કેપ્ટનશીપમાં ધમાલ મચાવતા શ્રીલંકાને ફાઈનલમાં હરાવી દીધુ અને એશિયા કપની ટ્રોફી પોતાના નામે કરી. ટીમ ઈન્ડિયાએ રેકોર્ડ ૮મી વખત આ ટ્રોફી પર કબજો જમાવ્યો. સ્પિનર કુલદીપ યાદવનું યોગદાન કઈ ઓછું નથી. તેની પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પસંદગી થઈ.

ભારતીય ક્રિકેટ ટીમે રવિવારે ઈતિહાસ રચી નાખ્યો અને આઠમી વખત એશિયા કપ ટ્રોફી પોતાના નામે કરી. આ સાથે જ રોહિત એન્ડ કંપનીએ વર્લ્ડ કપ ૨૦૨૩ પહેલા તમામ ટીમો માટે ખતરાની ઘંટી વગાડી દીધી છે. કોલંબોના કે આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં પેસર મોહમ્મદ સિરાઝે પોતાની કાતિલ બોલિંગથી ગદર મચાવી દીધુ અને શ્રીલંકન ટીમ માક્ષ ૫૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારતે કોઈ પણ વિકેટ ગુમાવ્યા વગર લક્ષ્ય મેળવી લીધુ. ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવે એશિયા કપમાં કમાલનું પ્રદર્શન કર્યું. તેમણે કુલ ૯ વિકેટ લીધી, જેના માટે તેને મેન ઓફ ધ સિરીઝ પસંદ કરાયો. થોડા સમય પહેલા સુધી કુલદીપ ભારતીય ટીમમાં પોતાની જગ્યા બનાવવા માટે કોશિશ કરી રહ્યો હતો. તેને તક મળી પરંતુ સીરીઝની તમામ મેચોમાં પ્લેઈંગ ૧૧નો ભાગ બની શકતો નહતો. હવે સ્થિતિ એવી છે કે કુલદીપને આગામી વનડે વર્લ્ડ કપ માટે ટ્રમ્પ કાર્ડ ગણાવવામાં આવી રહ્યો છે.

### ભારત અને ચીન વચ્ચે સમુદ્રમાં પણ સંઘર્ષની સ્થિતિ

# ભારતીય નૌકાદળે ૬૮ યુદ્ધ જહાજોના ઓર્ડર આપ્યા

### ઈન્ડિયન નેવીને ૧૪૩ એરક્રાફ્ટ અને ૧૩૦ હેલિકોપ્ટર તેમજ ૧૩૨ યુદ્ધ જહાજ ખરીદવાની પરવાનગી મળી ગઈ

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત અને ચીન વચ્ચે માત્ર જમીની સરહદ પર જ નહીં પરંતુ સમુદ્રમાં પણ સંઘર્ષની સ્થિતિ છે. બંને દેશ એકબીજાના હરીફ બની ગયા છે. હવે બંને દેશો વચ્ચે મુકાબલો હિંદ મહાસાગર ક્ષેત્રમાં છે. તેને ધ્યાનમાં રાખીને જ ભારત પોતાના નૌકાદળને મજબૂત બનાવવામાં લાગી ગયું છે. ભારતીય નેવીએ ૬૮ યુદ્ધ જહાજો અને અન્ય જહાજોનો ઓર્ડર આપ્યો છે. તેની કુલ કિંમત ૨ લાખ કરોડ રૂપિયાની આજુબાજુ થાય છે.

ઈન્ડિયન નેવીને ૧૪૩ એરક્રાફ્ટ અને ૧૩૦ હેલિકોપ્ટર તેમજ ૧૩૨ યુદ્ધ જહાજ ખરીદવાની પરવાનગી પણ મળી ગઈ છે. આ સિવાય ૮ નેક્સ્ટ જનરેશન કોર્વેટ (નાના યુદ્ધ જહાજો), ૯ સબમરીન, ૫ સર્વે શિપ અને ૨ મલ્ટી પર્પઝ જહાજોના નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે. આ આગામી વર્ષોમાં તૈયાર કરાશે. નૌકાદળે ભલે બજેટની ગંભીર સમસ્યા, ડિકમીશનિંગ અને ભારતીય શિપયાર્ડની આળસનો સામનો કરવો પડી રહ્યો હોય પણ ૨૦૩૦ સુધીમાં તેની પાસે ૧૫૫ થી ૧૬૦ યુદ્ધ જહાજ હશે.

### મોનસૂન પર ક્લાઈમેટ ચેન્જનો અનેક રીતે ખતરો

# ૧૯૭૬ બાદ ઓગસ્ટ ૨૦૨૩માં સૌથી વધુ મોનસૂન બ્રેકના દિવસો

### આદર્શ સ્થિતિમાં મહત્તમ ૫-૬ દિવસનો જ બ્રેક એક મહિનામાં હોવો જોઇએ પણ આ ત્રણ ગણો વધુ છે

। નવી દિલ્હી, તા.૧૮ ।

મોનસૂન પર ક્લાઈમેટ ચેન્જનો ખતરો અનેક રીતે દેખાઈ રહ્યો છે. એક તરફ શુષ્ક વિસ્તારોમાં વધુ વરસાદ પડી રહ્યો છે તો બીજી બાજુ વધુ વરસાદવાળા વિસ્તારોમાં વરસાદ ઘટી રહ્યો છે. ઝરમર વરસાદના દિવસો પણ ઘટી રહ્યા છે અને ભારે વરસાદની ઘટનાઓ વધી રહી છે. આ જ મામલે જાણ થઈ કે મોનસૂન બ્રેકના દિવસોની સંખ્યા પણ વધી રહી છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) મોનસૂન પર ક્લાઈમેટ ચેન્જની અસર અંગે અભ્યાસ કરી રહ્યો છે. આ મામલે જાણ થઈ કે મોનસૂન બ્રેકના દિવસો સતત વધી રહ્યા છે. જેના લીધે સિઝન દરમિયાન સક્રિય મોનસૂનના દિવસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે.

આઈએમડીએ ઓગસ્ટ મહિનાના મોનસૂન બ્રેક અંગે જાણ્યું કે ૧૯૭૬ બાદથી ઓગસ્ટ ૨૦૨૩માં સૌથી વધુ મોનસૂન બ્રેકના દિવસો નોંધાયા હતા. જોકે આ મામલે ૧૯૭૬થી પહેલાનો રેકોર્ડ વિભાગ પાસે નથી. આ રીતે અત્યાર સુધીના સર્વાધિક મોનસૂન બ્રેક દિવસ ઓગસ્ટમાં નોંધાયા છે. હવામાન વિભાગ અનુસાર ૧૯૭૬માં ઓગસ્ટ મહિનામાં મોનસૂન બ્રેકના કુલ ૪ દિવસ નોંધાયા હતા પણ ૨૦૨૩ના ઓગસ્ટમાં આવા ૧૯ દિવસ રહ્યા છે.

### ટાટા સ્ટાલ અને બ્રિટીશ સરકાર વચ્ચે ડીલ

# બ્રિટનમાં સ્ટીલ ઉત્પાદન માટે ૧.૨૫ બિલિયન પાઉન્ડના રોકાણના કરાર

### આ ડીલ પોર્ટ ટેલબોટ પ્લાન્ટમાં કોલસા આધારિત સ્ટીલ ઉત્પાદનને ઓછા કાર્બન ઉત્સર્જનવાળી ઇલેક્ટ્રિક આર્ક ફર્નેસમાં બદલવા કરાયો

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતની કંપની ટાટાસ્ટીલ અને બ્રિટિશ સરકાર વચ્ચે શુક્રવારે એક ડીલ થઈ હતી. યુકેના પીએમ ઋષિ સુનકે આડીલ બાબતે ૧.૨૫ બિલિયન પાઉન્ડના રોકાણ પેકેજની જાહેરાત કરી હતી. આ ડીલ પોર્ટ ટેલબોટ પ્લાન્ટમાં કોલસા આધારિત સ્ટીલ ઉત્પાદનને ઓછા કાર્બન ઉત્સર્જનવાળી ઈલેક્ટ્રિક આર્ક ફર્નેસમાં બદલવા માટે કરવા માટે કરવામાં આવ્યો છે. યુકેના પીએમ ઋષિ સુનકે આ અને ટ્વીટ કરીને જણાવ્યું હતું કે આ ડીલ હજારો બ્રિટિશ નોકરીઓને બચાવશે અને વેલ્સમાં સ્ટીલ ઉદ્યોગનું ભવિષ્ય સુરક્ષિત કરશે. તેઓએ યુકેસ્ટીલ માટે શુક્રવારના દિવસને ઐતિહાસિક ગણાવ્યો હતો, આ ઉપરાંત તે ટાટાસ્ટીલ સાથે ૧ બિલિયન પાઉન્ડના રોકાણની સંમતિ અંગે પણ જણાવ્યું હતું. બ્રિટનના પીએમએ કહ્યું કે આ ડીલથી માત્ર નોકરીઓ જ નહીં બચશે પરંતુ ઉત્પાદનનું આધુનિકીકરણ પણ થશે. ઉપરાંત, આનાથી અર્થતંત્રને પણ વેગ મળશે. નોંધનીય છે કે યુકેની અર્થવ્યવસ્થા વિશ્વમાં ૮મા ક્રમે છે અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સતત આગળ વધવાનો પ્રયાસ કરી રહી છે. યુકેના નાણા મંત્રી જેરેમી હંટે જણાવ્યું હતું કે ટાટાસ્ટીલના યુકેસાથેનું આ ૧.૨૫ બિલિયન પાઉન્ડના જોઈન્ટ રોકાણ એ યુકેના ઉત્પાદન ક્ષેત્ર માટે એક ઐતિહાસિક ક્ષણ છે.

સાઉથ વેલ્સમાં સ્થિત આ સ્ટીલ ફેક્ટરીમાં ૮,૦૦૦ થી વધુ કર્મચારીઓ કામ કરે છે. આ ઉપરાંત લગભગ ૧૨,૫૦૦ લોકો સપ્લાય ચેઈનમાં કાર્યરત છે અને આ ડીલના કારણે ૫,૦૦૦થી વધુ લોકોની નોકરીઓ બચાવી શકાશે તેવો બ્રિટિશ સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ બિઝનેસ એન્ડ ટ્રેડે દાવો કર્યો છે. કરારની શરતો અનુસાર, જ્યારે યુકેસરકાર ૫૦૦ મિલિયન પાઉન્ડ સુધીની ગ્રાન્ટ આપશે.

### ભાજપ બિહારમાં મોટી રમત રમવાની તૈયારીમાં

# નીતિશ કુમારને ભાજપે બિહારના રાજ્યપાલ પદની ઓફર કરાઈ

### રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશ તથા રામનાથ કોવિંદ મારફતે નિતીશ કુમાર સાથે ચર્ચા ચાલી રહી હોવાનો દાવો

। પટના, તા.૧૮ ।

લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપ બિહારમાં મોટી રમત રમવાની તૈયારીમાં છે. જો ભાજપની આ રમત સફળ થાય તો મુખ્ય પ્રધાન નિતીશ કુમાર ફરી એકવાર એનડીએમાં સામેલ થઈ શકે છે. જોકે આમ કરવા માટે નિતીશ કુમારને ભાજપની ઓફરનો સ્વિકાર કરવો પડશે.

રાજકીય વિદ્વાનોનું કહેવું છે કે, ૨૦૨૪ના પરિણામો ભાજપની તરફેણમાં જાય તો નવી સરકાર બનાવતી વખતે જેડીયુને મહત્વ અપાશે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે. એટલે કે જેડીયુના કોટામાંથી ૩ કેન્દ્રિય પ્રધાન તથા ૧ રાજ્ય પ્રધાન બનાવવામાં આવે તેવી શક્યાતાઓ છે. આ માટે શરત માત્ર એટલી છે કે બિહારમાં યોજાનાર મુખ્ય પ્રધાનની ચૂંટણીમાં ભાજપ મુખ્ય પ્રધાનનો ઉમેદવાર આપે. રાજ્યમાં એનડીએની સરકાર આવે તો જેડીયુના કોટામાંથી નાયબ મુખ્ય પ્રધાન તથા અન્ય પ્રધાન બનાવવાની શક્યતાઓ રહેલી છે. એવી ચર્ચાઓ પણ ચાલી રહી છે.

જોકે આ અંગે હજી સુધી કોઈ અંતિમ નિર્ણય આવ્યો નથી. જેડીયુના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે, અહીં કોઈ કોઈના કાયમી દુશ્મન હોતા નથી. ભવિષ્ય અને રાજ્યનો વિકાસ જોઈને સરકાર સ્થાપવામાં આવે છે. આ બાબતે પક્ષ અંતિમ નિર્ણય લેશે. જો પક્ષમાં બધા જ એકમત હશે તો આવનારી વિધાનસભા ભાજપ સાથે મળીને લડીશું. આ અંગે પક્ષના વડાના આદેશ અને માર્ગદર્શન અનુસાર આગળની



રણનિતી પર કામ થશે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ભાજપે નિતીશ કુમારને અગાઉ પણ મહારાષ્ટ્રના રાજ્યપાલ પદ માટેની ઓફર આપી હતી. જોકે તે વખતે નિતીશ કુમાર રાષ્ટ્રપતિ અથવા તો ઉપરાષ્ટ્રપતિ પદ માટે જીદ પકડીને બેઠા હતાં. જોકે જે તે વખતે આ ચર્ચાઓ સફળ થઈ શકી નહતી. આગામી લોકસબા તથા વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશ તથા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ મારફતે નિતીશ કુમાર સાથે ચર્ચા ચાલી રહી છે એમ કહેવાઈ રહ્યું છે. નિતીશ કુમારે હાલમાં જ રાજભવનમાં પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૬મી સપ્ટેમ્બરના રોજ બિહારના ઝંઝારપૂર લોકસભા મતદારસંઘની એક જાહેર સભામાં કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે રાજદ ના પ્રમુખ લાલુપ્રસાદ યાદવ તથા ઈન્ડિયા ગઠબંધન પર ટિકા કરી હતી.

### નિપાહ વાયરસ સંદર્ભે કેરળમાંથી રાહતના સમાચાર

# કેરળમાં બીજા દિવસે નિપાહનો એકય કેસ ન નોંધાયો નથી

### સંક્રમિત દર્દીઓની સ્થિતિમાં સુધારો : સરકારની જાહેરાત

। તિરુવનંતપુરમ, તા.૧૮ ।

કેરળમાંથી રાહતભર્યા સમાચાર મળ્યા છે. કારણ કે, ત્યાં સતત બીજા દિવસે જીવલેણ નિપાહ વાયરસનો એક પણ કેસ નથી નોંધાયો. કેરળ સરકારે રવિવારે જણાવ્યું કે, રાજ્યમાં નિપાહ વાયરસને નિયંત્રિત કરી લેવામાં આવ્યો છે. સતત બીજા દિવસે એક પણ કેસ નથી નોંધાયો અને સંક્રમિત દર્દીઓની સ્થિતિમાં સુધારો નોંધાઈ રહ્યો છે. કેરળમાં જ્યારથી નિપાહ વાયરસ નોંધાવાના સમાચાર મળ્યા હતા ત્યારથી ડરનો માહોલ બની ગયો હતો.

રાજ્યના આરોગ્ય મંત્રી વીના જોર્જે જણાવ્યું કે, હાલમાં સ્થિતિ નિયંત્રણમાં છે. કોઝિકોડમાં નિપાહની સ્થિતિની સમીક્ષા કરતી વખતે તેમણે મીડિયા સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, સંક્રમિત થયેલા ૪ લોકો સ્વસ્થ થઈ રહ્યા છે. ૯ વર્ષના એક બાળક સહિત ૪ સંક્રમિત દર્દીઓને હવે વેન્ટિલેટર પરથી હટાવી દેવામાં આવ્યું છે. નિપાહ વાયરસને ખતરનારક વાયરસ એટલા માટે માનવામાં આવે છે કારણ કે, તેનાથી સંક્રમિત થયેલા વ્યક્તિના મૃત્યુનું જોખમ ૪૦થી ૪૫% સુધી છે.

હાલમાં નિપાહ વાયરસથી સંક્રમિત થયેલા લોકોનો ઈલાજ મોનોક્નોનલ



એન્ટીબોડી દ્વારા કરવામાં આવી રહ્યો છે. સરકાર પાસે હાલમાં આ વાયરસનો સામનો કરવા માટે આ જ એકમાત્ર હથિયાર છે. કેરળના આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે, મોનોક્નોનલ એન્ટીબોડી વેરિએન્ટ ૫૦થી ૬૦% સુધી જ અસરકારક છે. ઈન્ડિયન કાઉનેસિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) એ અમને આશ્વાસન આપ્યું છે કે, તેઓ નવી અને વધુ અસરકારક વર્ઝન વાળી મોનોક્નોનલ એન્ટીબોડી આપશે.

આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે, ૩૬ ચામાચીડિયાના સેમ્પલને પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં મોકલવામાં આવ્યા છે. તેના દ્વારા જાણી શકાશે કે, ક્યાંક ચામાચીડિયાની અંદર પણ આ વાયરસ નથી ને. તેમણે જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૧,૨૩૩ લોકોની ઓળખ કરવામાં આવી છે જેઓ સંક્રમિતોના સંપર્કમાં આવ્યા હતા.

## તંત્રી લેખ...

# નિપાહ વાયરસનો ખતરો

કેરલના કોઝિકોડ જિલ્લામાં નિપાહ વાયરસથી બે લોકોનાં મોતના સમાચાર છે. ૨૦૧૮ બાદથી જ્યારે કેરલમાં પહેલી વાર આ વાયરસથી ૨૩ લોકો સંક્રમિત થયાની અને ૨૧ મોતની ખબર પડી હતી, આ ચોથો પ્રસંગ છે જ્યારે આ બીમારી ફરી ઉભરી છે. આના પહેલાં આ વાયરસ ૨૦૦૧ અને ૨૦૦૭માં પશ્ચિમ બંગાળમાં ફેલાઈ ચૂક્યો છે. હાલનું સંક્રમણ ચિંતા કરાવે તેવું છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોમાં આપણે નિપાહ વાયરસને રોકવાનો અનુભવ મેળવી લીધો છે, પરંતુ ભવિષ્યના પડકારો માટે આપણે તૈયાર રહેવું પડશે.

નિપાહ વાયરસની ઓળખ સૌથી પહેલાં ૧૯૯૮ અને ૧૯૯૯માં મલેશિયામાં થઈ હતી. ત્યાં નિપાહ નામના વિસ્તારમાંથી મળવાને કારણે તેનું આ નામ આપવામાં આવ્યું. ત્યારથી સિંગાપોર, બાંગ્લાદેશ અને ભારત જેવા કેટલાય અન્ય દેશોમાં પણ તેના કેસો સામે આવતા રહે છે. ભલે બીમારી વધુ નથી ફેલાઈ પરંતુ આ વાયરસ કંબોડિયા, ઘાના, ઈન્ડોનેશિયા, મેડાગાસ્કર, ફિલિપાઈન્સ અને થાઈલેન્ડ જેવા કેટલાય દેશોના ચામાચીડિયાઓમાં પ્રાકૃતિક રૂપે જોવા મળી છે. નિપાહ એક જૂનોટિક બીમારી છે, જેના વાયરસ ચામાચીડિયામાં ઉછરે છે અને સૂવર કે ઘોડા જેવા મધ્યવર્તી યજમાન દ્વારા માણસોમાં પહોંચે છે. જોકે તેનો ચેપ જાનવરોથી માણસોમાં થાય છે, પરંતુ પ્રસાર માણસથી માણસમાં થતો રહે છે. તેના લક્ષણ કોઈપણ અન્ય વાયરસ શ્વસન બીમારી જેવા હોય છે. અત્યાર સુધી તેનાથી બચવા માટે કોઈ લાયસન્સ પ્રાપ્ત રસી નથી અને ના કોઈ ખાસ ઉપચાર. તેના માત્ર લક્ષણોની જ સારવાર કરવામાં આવે છે.

હાલમાં ભારતમાં ઝીકા, નોરો સહિત કેટલાય વાયરસનો પ્રકોપ જોવા મળ્યો છે. એ સંકેત છે કે જૂનોટિક બીમારીઓ હવે વધુ ફેલાવા લાગી છે. સવાલ એ છે કે મોટાભાગના નવા પ્રકોપ કેરળ કે અન્ય દિક્ષણી રાજ્યોમાં જ કેમ ફેલાય છે, ઉત્તર ભારતનાં રાજ્યોમાં કેમ નહીં? સંભવ છે કે કેટલીક બીમારીઓ ઉત્તર ભારતમાં પણ ફેલાઈ રહી હોય, પરંતુ કેરળમાં મજબૂત તથા સંવેદનશીલ સ્વાસ્થ્ય તંત્ર તેને તરત ઓળખી લે છે. દેખીતું છે કે આપણે દેશના તમામ રાજ્યોમાં રોગ નિરીક્ષણ પ્રણાલી અને સ્વાસ્થ્ય ડેટા રેકોર્ડિંગ તથા રિપોર્ટિંગ સિસ્ટમને મજબૂત કરવી પડશે. મહામારી દરમ્યાન કોવિડ-૧૯ માટે પ્રયોગશાળાઓ સ્થાપિત કરવામાં આવી હતી, તેની ક્ષમતાનો ઉપયોગ અન્ય ઉભરતા સંક્રમણોના પરીક્ષણ માટે કરવો જોઈએ. આ સમયે જૂનોટિક બીમારીઓ વિરુદ્ધ સંયુક્ત કાર્યયોજના વિકસિત કરવા અને સાર્વજનિક સ્વાસ્થ્ય કાર્યો માટે જવાબદારીઓ વહેંચવા માટે રાજ્ય સરકાર અને નગર નિગમ વચ્ચે સમન્વિત કાર્યવાહી સુનિશ્ચિત કરવાનો પણ છે. ચામાચીડિયા વગેરે પર વધુ શોધ પણ થવી જોઈએ. કોવિડ-૧૯માં ચામાચીડિયા પર ચાલી રહેલ સંશોધન ઘણું વિવાદોમાં રહ્યું હતું, પરંતુ એવી શોધ એટલા માટે જરૂરી છે, કારણ કે ચામાચીડિયા નિપાહ સહિત કેટલાય જ્ઞાત-અજ્ઞાત વાયરસના ભંડાર હોય છે. દુર્લભ બીમારીઓ પેદા થવાના સમાચારો વચ્ચે આપણે હંમેશાં અન્ય વાયરલ રોગોને ભૂલી જઈએ છીએ, જે સામાન્ય હોય છે, છતાં નજરઅંદાજ કરી દેવામાં આવે છે. જેમ કે આ વર્ષે ડેંગ્યૂનો ઘણો પ્રસાર જોવા મળી રહ્યો છે. દિલ્હી-એનસીઆર ક્ષેત્રોમાં તેના કેટલાય કેસો જોવા મળી રહ્યા છે. ચિકનગુનિયા પણ એવી જ એક વાયરલ બીમારી છે. જોવામાં આવે તો છેલ્લા કેટલાક મહિનામાં ફ્લૂ વાયરસ, સાર્સ સીઓવી-૨ અને અન્ય વાયરસ દ્વારા શ્વસન સંબંધી બીમારીઓ વધી છે. તેનું નિરીક્ષણ મજબૂત કરવાની જરૂર છે.

## વૃદ્ધ માતા-પિતાની આ દુર્દશા એક વિકરાળ સમસ્યા રૂપે ઉભરી રહી છે

નવા બની રહેલા સમાજ અને પારિવારિક સંરચનામાં માતા-પિતાનું જીવન દુઃખદાયક અને સમસ્યાઓનો પહાડ બનતું જાય છે, સમાજમાં સંતાનો દ્વારા બુઝુર્ગ માતા-પિતાની ઉપેક્ષાઓ અને તેમના પ્રત્યે રાખવામાં આવતી ઉદાસીનતા એટલી વધી ગઈ છે કે અદાલતોએ દખલ કરવી પડી રહી છે. માતા-પિતા ભોજન-પાણી, દવા, જરૂરિયાતની ચીજોથી જ વંચિત નથી રહેતા, પરંતુ તેમના સન્માનની સ્થિતિ પણ સતત ઘટતી જ જાય છે. વૃદ્ધ માતા-પિતાની આ દુર્દશા એક વિકરાળ સમસ્યા રૂપે ઉભરી રહી છે. સુવિધાવાદ, ભૌતિકતા અને ધનના વધતા વર્ચસ્વ વચ્ચે માતા-પિતા પોતાના જ સંતાનો દ્વારા સતામણીનો શિકાર છે. એવી વધતી સમસ્યાઓ પર નિયંત્રણ માટે અદાલતોએ દખલ કરવી પડી રહી છે, સાથે જ સંતાનોને પણ ઝાટકવા પડે છે કે તેઓ પોતાના બુઝુર્ગ માતા-પિતાની દેખભાળ કરે અને તેમને સન્માન આપે. મદ્રાસ હાઈકોર્ટનો આવો જ એક ફેંસલો આજના સમાજમાં લોહીના સંબંધો પર સવાલ ઊભો કરનાર છે. ન્યાયાલયે પોતાના ચુકાદામાં સાફ કર્યું છે કે બુઝુર્ગ વાલીઓની ઈચ્છા પૂરી કરવી સંતાનોનું દાયિત્વ છે. ન્યાયાલયનો આ ફેંસલો માત્ર કોઈ સંતાન અને વાલીઓ વચ્ચે સંપત્તિ વિવાદ સુધી સીમિત નથી. તેને વ્યાપક અર્થોમાં જોઈને અને સમજવાની જરૂર નથી. સંવેદનશીલ માનસિકતાના નિર્માણથી સમાજનો માહોલ બદલી શકાય છે. અદાલત ઈચ્છે છે કે વૃદ્ધ માતા-પિતાને ઉદાસીનતા અને ઉપેક્ષાથી મુક્તિ આપીને તેમને સુરક્ષા કવચ માનવાની માનસિકતાને વિકસિત કરવામાં આવે જેથી એક આદર્શ પરિવારની સંરચનાને જીવંત કરી શકાય અને વૃદ્ધોના સ્વાસ્થ્ય, નિષ્કંટક અને કુંઠારહિત જીવનને પ્રબંધિત કરી શકાય છે. વૃદ્ધોને બંધન નહીં, આત્મગૌરવ રૂપે સ્વીકાર કરવાની અપેક્ષાને અદાલતે ઉજાગર કરીને સમાજને જાગૃત કરવાનું પ્રશંસનીય કામ કર્યું છે. એવો સમય જ્યાં સંબંધોની જગ્યાએ ધન હાવી થતું જાય છે. આ જ કારણે વૃદ્ધોને લઈને ગંભીર સમસ્યાઓ પેદા થઈ છે, આ સમસ્યાઓ અચાનક જ નથી થઈ, બલ્કે ઉપભોક્તાવાદી સંસ્કૃતિ તથા મહાનગરીય આધુનિક બોધ અંતર્ગત બદલાતા સામાજિક મૂલ્યો, નવી પેઢીની માનસિકતામાં પરિવર્તન આવવા, મોંઘવારી વધવા અને વ્યક્તિ પોતાના બાળકો અને પત્ની સુધી સીમિત થઈ જવાની પ્રવૃત્તિને કારણે ઊભી થઈ છે. ચિંતનનો મહત્ત્વપૂર્ણ પક્ષ છે કે વૃદ્ધોની ઉપેક્ષાના ખોટા પ્રવાહને રોકે, આ જ વાત પર અદાલતે પોતાના ચુકાદામાં ભાર મૂક્યો છે. કારણ કે માનસિકતાના ખોટા પ્રવાહે ન માત્ર વૃદ્ધ માતા-પિતાના જીવનને મુશ્કેલ બનાવી દીધું છે, બલ્કે માણસ-માણસ વચ્ચે ભાવાત્મક અંતર પણ વધારી દીધું છે. સવાલ એ છે કે જે માતા-પિતા કષ્ટ સહન કરીને પણ પોતાના સંતાનોને સારી જિંદગી આપવાની ભરપૂર કોશિશ કરે છે, એ જ મા-બાપ વૃદ્ધ થતાં સંતાનો તેમની દેખભાળથી પણ કતરાવા કેમ લાગે છે? સંતાનોની નજર મા-બાપની સંપત્તિ સુધી જ સીમિત કેમ રહી જાય છે? એવી વાત નથી કે બધા જ સંતાનો પોતાના મા-બાપની ઉપેક્ષા કરી રહ્યા છે, પરંતુ આસપાસ જોઈશું તો કેટલાય એવા કિસ્સા જોવા મળશે. દેખીતું છે કે આવા કિસ્સા વધી રહ્યા છે. હાલની મોટી વિટંબણા અને વિસંગતિ છે કે વૃદ્ધ પોતાના જ ઘરના ઉંબરે ભયભીત ઊભા છે, વૃદ્ધોની ઉપેક્ષા સ્વસ્થ અને સુસંસ્કૃત પરિવાર પરંપરા પર દાગ બનતો જાય છે.

# ગણેશ ઉત્સવ દરમિયાન ઈકો ફ્રેન્ડલી મૂર્તિને જ વિસર્જન સમયે દરિયા કે નદીમાં વિસર્જીત કરવી અને એ રીતે આપણે પ્રકૃતિની રક્ષા કરવી



### સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



શ્રાવણ પૂરો થતાં કેવડા ત્રીજથી ભાદરવાનાં વ્રત અને તહેવારની શરૂઆત થઈ ગઈ છે, ગણેશ ચતુર્થી નિમિત્તે ઠેર ઠેર ગણિત સ્થાપના થશે. તો જૈનોનો પવિત્ર પર્યુષણનો તહેવાર પણ ઉજવાશે, એ જ રીતે હિન્દુ સંસ્કૃતિ ઋષિની સંસ્કૃતિ હોવાથી આપણે ત્યાં ભાદરવા સુદ પાંચમને દિવસે ઋષિ પાંચમ ઉજવવામાં આવે છે. અષાઢ અગિયારસથી આપણે ત્યાં વિશ્વના પાલન કર્તા દેવ વિષ્ણુ શયનમાં જાય છે, એવી એક માન્યતા છે, અને આ સાડા ચાર મહિના દરેકે સ્વયં સંચાલિત રહેવાનું હોવાથી, વધુ અનુસાશનની જરૂર હોય છે, તેથી આવાં વ્રત પ્રેરિત ધાર્મિક તહેવારો આ સમય દરમિયાન ઉજવવામાં આવે છે. આ ઉપરાંત દરેક તહેવાર પોતાની રીતે, એક મૌલિક તત્વચિંતન પણ દર્શાવે છે. એટલે કે કેવડા ત્રીજ હોય તો હૃદયમાં સાત્વિક શ્રદ્ધાનું સ્થાપન થવું, ગણેશ ચતુર્થી હોય એટલે ગણેશ રૂપે બુદ્ધિમાં વિવેક પ્રસ્થાપિત કરવો, મિચ્છામી દુકડમ ના દિવસે આખા વર્ષ દરમિયાન થયેલી ભૂલચૂકની માફી માંગવી અને કોરી પાટી કરી સંબંધોના અંદરો અંદરના મેલને ધોઈ નાખવો, આશા અપેક્ષા થી ઉપર ઉઠી જવું, અને ઋષિ પાંચમ એટલે ઋષિની જેવું લોક કલ્યાણ મય સાદગી ભર્યું જીવન જીવવું, તો આવા બધા સૂક્ષ્મ ચિંતન કરાવનારા તહેવારોમાં આપણે સ્થૂળ રૂપે તો તહેવાર ઉજવીશું, કારણ કે હિન્દુ સંસ્કૃતિમાં હળીમળીને તહેવાર ઉજવવાની એક પરંપરા છે. પરંતુ વ્યક્તિગત રીતે આપણે આ તહેવારોથી આપણા ચરિત્રને ચોખ્ખું કરવાની પણ ઈમાનદારીથી એક કોશિશ કરીશું.

ભગવાન ગણેશ ને દરેક પૂજામાં પ્રથમ સ્થાન મળ્યું છે, અને શરીર આપણી કરતાં સાવ જુદું હોવા છતાં આપણને એ બહુ ગમે છે, કારણકે આપણને તેની આકૃતિમાં કોઈ વિકૃતિ દેખાતી નથી. જોકે એક સત્ય એ પણ છે કે માત્ર શંકર સુવન તરીકે જ ગણપતિ નથી ગણપતિ તો આદિ અનાદી છે, અને વેદમાં એનો ઉલ્લેખ પણ મળે છે. જેમ બાળ હનુમાનની અમુક વાતો પ્રસિદ્ધ પામી છે, એ જ રીતે ગણેશજી ની પણ અમુક વાતો શાસ્ત્રોક્ત છે અને જે ખરેખર આપણને બોધ આપે છે.

એકવાર આખો શંકર પરિવાર કૈલાસમાં હર્ષોલ્લાસ કરતો હતો અને બંને પુત્રો ના વિવાહની વાત ચાલતી હતી. શંકર ભગવાને કહ્યું કે તમારાં બેય માંથી જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી ને પહેલા આવશે એની સાથે રિદ્ધિ સિદ્ધિ નાં લગ્ન કરીશું. આ સાંભળીને કાર્તિકેય સ્વામી પોતાના વાહન મોર પર બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીકળી પડ્યા. જ્યારે ગણપતિ એ વિચાર્યું કે પોતાનું વાહન તો ઉંદર છે અને એની ઝડપે તો હું આખી જિંદગી કુંવારો રહીશ! આથી એણે શાસ્ત્રનો માર્ગ અપનાવ્યો અને પોતાના માતા પિતાને બાજોઠે બેસાડીને ગણપતિ એ સાત વાર પ્રદક્ષિણા કરી અને કહ્યું કે પિતાજી હું આપની શરત પ્રમાણે પહેલો આવી ગયો એટલે હવે રિદ્ધિ સિદ્ધિ સાથે મારાં લગ્ન થશે! ભગવાન શંકરે કહ્યું કે હે પુત્ર તારી વાત સાચી છે! આ દુનિયામાં સૌથી વધુ મહત્વનું સ્થાન માતાપિતા નું છે અને જે પુત્ર એને આદર આપે એની તમામ મનોકામના પૂર્ણ થાય છે, માટે એનાં લગ્ન રિદ્ધિ સિદ્ધિ સાથે થયા. આ ઉપરાંત ગણપતિ વિવેકનાં દેવ છે અને જેનાં મસ્તકમાં વિવેક અંકિત થયો હશે એ ગમે તેટલો શસ્કત હશે પણ એ નાના માં નાના જીવનાં જીવનમાં મહત્વનું સ્થાન ધરાવશે, અને એટલે જ ગણપતિ આટલું મોટું કદ ધરાવતા હોવા છતાં ઉંદર પર સવારી કરે છે. એ કલારસિક પણ છે એમને મૃદંગ બજાવતા દર્શાવવામાં આવ્યા છે. ઉત્સવો એ આપણી સંસ્કૃતિ ની બહુ મોટી પરંપરા છે,અને એકધારી થકવી દેતી જીંદગીમાં એ જરૂરી પણ છે. પરંતુ કોઈ પણ તહેવાર કે ઉત્સવ એ પ્રાકૃતિક પ્રદૂષણ વધારતા નથી ને ? એ પણ વિચારવું પડશે, કારણ કે પ્રદૂષણ ની તીવ્રતા ઘટાડવા માટે પ્રકૃતિને ધ્યાનમાં રાખીને દરેક તહેવારો હવે ઉજવવા જોઈએ! એવી પણ એક નમ્ર અપીલ ને ધ્યાનમાં રાખીશું. એટલે કે ગણેશની મૂર્તિનું આપણે ત્યાં વિસર્જન થતું હોય છે તો ઈકો ફ્રેન્ડલી મૂર્તિ હોય તો જ એને દરિયા કે અન્ય પાણીમાં પધરાવીશું, અને એ રીતે આપણે પ્રકૃતિની રક્ષા કરીશું, એટલે કે પ્રદૂષણ વધતું અટકાવીશું. હાલ વિશ્વ આખામાં ઉદ્યોગ ને કારણે દરેક ક્ષેત્રમાં એટલું બધું પ્રદૂષણ પ્રકૃતિમાં છોડવામાં આવે છે,કે આગળ જતાં એ આપણું જ નુકશાન કર્તા છે,એમ સમજીને પ્રકૃતિનું રક્ષણ કરવું. સામૂહિક ઉજવણી થતી હોવાથી જ્યાં આગળ ભીડ હોય ત્યાં આગળ ગુંડા તત્વથી સાવધાન રહેવું, ચોરી ચકારી ન થાય તેની સાવધાની રાખવી, અને ધક્કામૂકીથી કોઈને ઈજા ન થાય એનું પણ ધ્યાન રાખવું. આ ઉપરાંત આ સંધિકાળ દરમિયાન કેટલીય પ્રકારના વાયરસ વાતાવરણમાં ફેલાયેલા હોય છે, તો બહાર જઈએ ત્યારે માસ્ક અવશ્ય પહેરવું,અને આવ્યાં પછી હાથ પણ ધોવા, અને એ રીતે આપણી જાતને પ્રોટેક્ટ કરીશું. સામૂહિક રીતે ઉજવાતા આવા કોઈ ઉત્સવનો મુખ્ય હેતુ અંદરો અંદર ભાઈચારો વધે એ હોય છે, તો આપણે એ હેતુ પાર પડે એ રીતે તહેવારો ઉજવવાં જોઈએ. ગણેશ ચતુર્થી ઉજવીએ છીએ, પરંતુ વિવેકનું પાલન ન થાય તો ભગવાન ગણેશ પ્રસન્ન કઈ રીતે થઈ શકે? એ વિચારીને અદંરોઅંદર ગાલી ગલોચ ન કરવાં, દરેકના માન સન્માનને મહત્વ આપવું, તેમજ આપણી મૂળ સંસ્કૃતિ જળવાઈ રહે એમ ઉત્સવ મનાવવો. એટલે કે માત્ર નાચગાન કે ફોટા પાડવા એટલું નહીં, પણ ખરા હૃદયથી સ્તુતિ સ્તવન કરી ગણેશોત્સવ ઉજવાવવો જોઈએ. આ ઉપરાંત તહેવાર પૂરતાં જ મનમેળ અને પછી વેર એ નીતિ હવે ત્યાગવી પડશે વસુધૈવ કુટુંબકમ ની ભાવના હૃદયમાં રહે, મૈત્રીભાવનું પવિત્ર ઝરણું દરેકનાં જીવનની મુખ્ય ઉપલબ્ધિ બને. તો જ અસ્તિત્વ મંગલનુ ગાન રોજ ગાશે! અને આપણાં પર નિત્ય શુભની વર્ષા કરશે. ભારત એ આજે વૈજ્ઞાનિક રીતે પણ ખૂબ જ વિકાસ સાધ્યો છે, અને વિશ્વમાં એક ઉચ્ચુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પરંતુ વિશ્વના અન્ય દેશોએ શોધેલી ટેકનોલોજી ના ઉપયોગ માટે, આજે ભારત અવ્વલ નંબરે આવે છે. તો કોઈપણ ટેકનોલોજી હોય એનો ઉપયોગ કરતા પહેલાં, એટલે કે વાપરતા પહેલા આપણે એ આપણી માટે અનુકૂળ છે કે નહીં? એ વિચારી,કે એટલો વિવેક દાખવી, અને એનો ઉપયોગ કરીશું. ઉપયોગની માત્રા કેટલી રાખવી, એનો પણ વિવેક રાખીશું, તો જ આપણે ખરાં અર્થમાં ગણેશની પૂજા કરી કહેવાશે, અને તો રિદ્ધિ સિદ્ધિ તથા શુભ લાભ સહિત સપરિવાર એ આપણાં ઘરે આવશે.

# જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા, માતા જાકી પાર્વતીને પિતા મહાદેવા



### વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

ગણેશ ચતુર્થીને ભારતના વિવિધ ભાગમાં અનેક રૂપમાં ઉજવાય છે. હિન્દુ ધર્મ મુજબ આ દિવસે ભગ વાન ગણેશનો જન્મ થયો હતો ભગવાન ગણેશના જન્મોત્સવના રૂપમાં આ તહેવારને ખૂબ ધૂમ ધામથી ઉજવાય છે.

મહારાષ્ટ્ર અને તેની આસપાસના વિસ્તારોમાં તો ગણેશ ચતુર્થી પછી ૧૦દિવસ સુધી સતત ગણેશોત્સવ ઉજવવામાં આવે છે. હવે તો ગુજરાતના મહોલ્લા સોસાયટીઓ શોપીંગ સેન્ટરમાં ગણેશોત્સવ લોકો બહુ આસ્થા શ્રધ્ધા પૂર્વક ઉજવણી કરે છે.

ભક્ત આ દરમિયાન પોતપોતાના ઘરમાં ભગવાન ગણેશની પ્રતિમા સ્થાપિત કરી ભક્તિભાવથી દસ દિવસો સુધી વિઘ્નહર્તા શ્રી ગણેશ ની પૂજા કરે છે. ગણેશોત્સવના અંતિમ દિવસ મતલબ અનંત ચતુર્દશીના દિવસે ગણપતિની પ્રતિમાનુ વિસર્જન કરવામાં આવે છે.આ વખતે ગણેશ ચતુર્થી ૧૯ સપ્ટેમ્બરના રોજ છે. આ ચતુર્થી આખા વર્ષના ચતુર્થીમા સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ દિવસે ભગવાન ગણેશની પૂજા કરવાથી ઘરમાં સુખ સમૃદ્ધિ અને સમ્પન્નતા આવે છે. માન્યતા મુજબ આ દિવસે વ્રત રાખવાથી ભગવાન ગણેશ ભક્તોની બધી મનોકામના ઓ પૂરી કરે છે.

શિવપુરાણમાં એક કથા છે કે એક વાર માતા પાર્વતી સ્નાન કરવા માટે જઈ રહી હતી. એ સમયે તેમણે પોતના મેલમાંથી એક બાળકને ઉત્પન્ન કર્યો અને ઘરનો પહેરેદાર બનાવીને એ બાળકને કહ્યુ કે મારા આવતા પહેલા કોઈ ઘરમાં પ્રવેશ ન કરે.થોડી વાર પછી શિવજીએ જ્યારે ઘરમાં પ્રવેશ કરવા માંગ્યો તો બાળકે તેમને રોકી લીધા. જેના પર શિવજીએ ક્રોધિત થઈ ગયા અને બાળક સાથે ભયંકર યુદ્ધ કર્યુ પણ સંગ્રામમાં તેને કોઈ પરાજીત ન કરી શક્યુ.. તેથી ભગવાન શંકરે ગુસ્સામાં ત્રિશૂલથી એ બાળકનુ માથુ ધડથી અલગ કરી દીધુ.. જ્યારે માતા પાર્વતીએ આવીને આ જોયુ તો તે ક્રોધિત થઈ ગઈ અને તેમને પ્રલય કરવાનુ નક્કી કર્યુ.

ભયભીત દેવતાઓએ દેવર્ષિ નારદની સલાહ પર જગદંબાની સ્તુતિ કરીને તેને શાંત કર્યા. શિવજીના નિર્દેશ પર વિષ્ણુજીએ ઉત્તર દિશામાં સૌ પહેલા મળેલ હાથીનુ માથુ કાપીને લઈ આવો.. ભગવાન શિવે ગજના એ મસ્તકને બાળકના ધડ પર મુકીને તેને ફરીથી જીવિત કરી દીધો. માતા પાર્વતીએ ખુશ થઈને એ ગજમુખ બાળકને પોતાના હૃદયને લગાવી દીધો પણ તેમને એ વાતનુ દુઃખ હતુ કે લોકો તેમના બાળકને જોઈને મજાક ઉડાવશે.. પણ શિવજીએ તેમને દેવતાઓમાં શ્રેષ્ઠ હોવાનો આશીર્વાદ આપ્યો. બ્રહ્મા, વિષ્ણુ, મહેશે એ બાળકને દેવતા ઓના અધ્યક્ષના રૂપમાં જાહેર કરીને સૌ પહેલા પૂજવાનુ વરદાન આપ્યુ. ભગવાન શંકરે બાળકને કહ્યુ કે હે ગિરિજાનંદન વિઘ્ન અવરોધોને નાશ કરવામાં તમારુ નામ સર્વોપરિ રહેશે. સૌનો પૂજ્ય બનીને મારા સમસ્ત ગણોના અધ્યક્ષ થઈ જાવ. તૂ હે ગણેશ્વર તૂ ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષની ચતુર્થીના હે ગણેશ્વર તૂ ભાદ્રપદ માસના કૃષ્ણપક્ષની ચતુર્થીના રોજ ચંદ્રમાંના ઉદિત થવા પર



ઉત્પન્ન થયો. છે. આ તિથિમાં વ્રત કરનારા બધા વિઘ્નોનો નાશ થઈ જશે અને તેને બધી સિદ્ધિયો પ્રાપ્ત થશે. કૃષ્ણપક્ષની ચતુર્થીની રાત્રે ચંદ્રોદયના સમયે ગણેશ તમારી પૂજા કર્યા પછી વ્રતી ચદ્રમાને અર્ધ્ય આપીને બ્રાહ્મણને મિષ્ઠાન્ન ખવડાવે. ત્યારપછી ખુદ પણ ગળ્યુ ભોજન કરે. શ્રીગણેશ ચતુર્થીનુ વ્રત કરનારાઓની મનોકામના જરૂર પૂર્ણ થાય છે.

ગણેશજીના સિદ્ધ મંત્ર આપના જીવનમાં લાવશે ખુશહાલી ભગવાન ગણેશને સર્વપ્રથમ પૂજનીય દેવનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે.કોઈપણ શુભકાર્ય હોય તો સૌથી પહેલા ભગવાન ગણેશનું પૂજન અર્ચન કરવામાં આવે છે. ભગવાન ગણેશને રીઝવવા ખૂબ જ સરળ છે અને તે પોતાના ભક્તો પર તુરંત જ પ્રસન્ન થઈ જાય છે. શાસ્ત્રોમાં અલગ અલગ મનોકામનાઓની પૂર્તિ માટે ગણેશ જીના અલગ અલગ પ્રકારના સિદ્ધ મંત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગજાનન ગણેશનું સ્મરણ થઈ જાય તો તો તમામ વિઘ્નો સહજ રીતે જ પાર થઈ જાય. કારણ કે ગજાનન ગણેશ એટલે તો વિઘ્ન હર્તા દેવ. સુખકર્તા દેવ. અને સાથે જ મનો વાંચ્છિત ફળની પ્રાપ્તિ કરાવ નારા દેવ.ત્યારે આજે અમે આપને જણાવીશું કે આસ્થા સાથે માત્ર ગણેશજીના મંત્ર બોલી ને તમને કેવી રીતે મળશે તમામ સંકટોમાંથી મુક્તિ ? અને સાથે કેવી રીતે આપની ચિંતાઓનું હરણ કરશે આ ચિંતામણી ગણેશ જીના વિશેષ મંત્ર જાપ.મનોકામના ની પૂર્તિ કરવાની હોય કે કોઈપણ કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત કરવાની હોય આપ આ ગણેશ મંત્રનો જાપ કરશો તો ચોક્કસ આપને સફળતા પ્રાપ્ત થશે. ભગવાન ગણેશને સર્વ પ્રથમ પૂજનીય દેવનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે.કોઈપણ શુભકાર્ય કરવાનું હોય તો સૌથી પહેલા ભગવાન ગણેશનું પૂજન અર્ચન કરવામાં આવે છે.ભગવાન ગણેશ ને રીઝવવા ખૂબ જ સરળ છે અને તે પોતાના ભક્તો પર તુરંત જ પ્રસન્ન થઈ જાય છે. શાસ્ત્રોમાં અલગ અલગ મનોકામનાઓની પૂર્તિ માટે ગણેશ જીના અલગ અલગ પ્રકારના સિદ્ધ મંત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઘણી માન્યતાઓ એવી પણ છે કે પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને જો આપ ગણેશજીના આ મંત્રોનો જાપ કરશો તો આપને શીઘ્ર લાભ ની પ્રાપ્તિ થશે.ગણેશજીના સિદ્ધ મંત્ર દેવામાંથી મુક્તિ અર્થે "ૐ ગણેશ ઋણં છિ ન્ધિ વરેણ્યં હું નમઃ ફટ "આ મંત્રની દરરોજ એક માળા કરવાથી આપને દેવા માંથી મુક્તિ મળશે તેમજ ભવિષ્ય માં આવી કોઈ જ સમસ્યાનો સામનો નહીં કરવો પડે.સંકટનાશન અર્થે "ૐ નમો હેરમ્બ મદમોહિત મમ સંકટાન નિવારય નિવારય સ્વાહા "આ મંત્રની નિત્ય એકમાળા કરવા થી આપના જીવન ના દરેક સંકટ ટળી જશે.કલેશ મુક્તિ અર્થે "ગં ક્ષિપ્ર પ્રસાદનાય નમઃ"આ મંત્ર ની નિત્ય ઓછામાં ઓછી બે માળા જાપ કરવાથી આપના ઘરમાં રહેલ કલેશ દૂર થાય છે. તેમજ આપના ઘરમાં રહેલ નકારાત્મક ઊર્જા દૂર થાય છે.ધન પ્રાપ્તિ અર્થે "ૐ ગં નમઃ "આ મંત્રની નિત્ય એક માળા જાપ કરવી જોઈએ. આ મંત્રજાપ થી આપના જીવનમાં રહેલ ધન સંબંધિત સમસ્યામાંથી આપને છૂટકારો મળશે.આર્થિક સમૃદ્ધિ તેમજ રોજગાર પ્રાપ્તિ અર્થે"ૐ શ્રીં ગં સૌભ્યાય ગણપતયો વરનરદં સર્વજનં મેં વશમાનય સ્વાહા "આ મંત્રની એક માળાનો દરરોજ જાપ કરવાથી આપને રોજગાર સંબંધિત સમસ્યામાંથી મુક્તિ મળશે. આપના જીવનમાં રહેલી આર્થિક સમસ્યાઓ દૂર થશે. મનોકામના પૂર્તિ અર્થે" ગં ગણપતે નમઃ "આ મંત્રની નિત્ય એક માળા જાપ કરવાથી આપની મનોકામના ની પૂર્તિ થશે.

વાચક ચાહક મિત્રો તંત્ર મંત્ર પૂજા પાઠ વ્રત તપ આરાધના ઉપાસના એ શ્રધ્ધા આસ્થા સાથે જોડાયેલ છે.આ કરવાથી આ થશે એ કોઈ ના કહી શકે. ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે.

મેઘરાજા મન મુકીને વરસી રહયા છે. રામદેવ પીરના નોરતાં, આંતર રાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત તરણેતરના ભાતીગળ લોક મેળાનો શુભારંભ, કેવડા ત્રીજ પછી આજે ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે વિઘ્ન વિનાયક ગજાનન ગણપતિ બાપ્પા નું મહાત્મય જોયું અવતી કાલે ફરી એક નવા લેખ સાથે મળીશું. પરમ કૃપાળુ પરમાત્મા સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# ૮૦ વર્ષથી વધારે લાંબુ જીવશો



જે લોકોમાં કોર્ટિસોલનું લેવલ જેટલું ઓછું હશે, તે લોકો એટલું વધારે જીવશે. કોર્ટિસોલ સ્ટ્રેસ હાર્મોન છે. સ્ટ્રેસ વધારે હોવા પર તે હોર્મોન વધી જશે. એટલા માટે ક્યારેય તણાવ ન લો, પાર્ટી અને દોસ્તોમાં ખુશ રહો, તણાવ ન લો. આ એવા સંકેતો છે, જે આપની આયુષ્ય વધારી દેશે. શું તમે ક્યારેય પોતાની આખી ઉંમરની ભવિષ્યવાણી કરી શકશો. આપ કહેશો કે હું કોઈ જ્યોતિષ નથી. પણ આપને જણાવી દઈએ કે, આપ આપની ઉંમરનો અંદાજ અમુક સંકેતોથી લગાવી શકશો. આપની અંદર એવા કેટલાય સંકેત હશે, જેના આધાર પર આપ આપની અનુમાનતિ આયુને લઈને નિશ્ચિંત થઈ શકશો. હકીકતમાં જોઈએ તો, આ કોઈ મૈજિક નથી, પણ આપના સ્વાસ્થ્ય અને આપની આદતોથી એ ખબર પડી જાય છે કે આપની આયુ કેટલી હશે. તેમાં કોઈ બે મત નથી કે, કોઈ પોતાની વાસ્તવિક આયુ વિશે ક્યારેય જાણી શકતા નથી, પણ તમારી જિંદગીમાં જોઈ કોઈ સારી આદતો હશે, તો તેનાથી આપ લાંબુ આયુષ્ય જીવી શકશો. ઈંડિયાના રિપોર્ટમાં લખ્યું છે તે પ્રમાણે સ્વીડનના કૈરોલિંસ્કા ઈંસ્ટીટ્યૂટે પોતાના એક અધ્યયનમાં જાણ્યું છે કે, જે લોકોમાં કોર્ટિસોલનું લેવલ જેટલું ઓછું હશે, તે લોકો એટલું વધારે જીવશે. કોર્ટિસોલ સ્ટ્રેસ હાર્મોન છે. સ્ટ્રેસ વધારે હોવા પર તે હોર્મોન વધી જશે. એટલા માટે ક્યારેય તણાવ ન લો, પાર્ટી અને દોસ્તોમાં ખુશ રહો, તણાવ ન લો. આ એવા સંકેતો છે, જે આપની આયુષ્ય વધારી દેશે. જો આપ દરરોજ ૪૦ મિનિટ સુધી વોક કરો છો, અથવા રનિંગ કરો છો તો નિશ્ચિંતપણે આપની આયુ વધી જશે. કેલિફોર્નિયાના વૈજ્ઞાનિકોએ પોતાના રિસર્ચમાં જાણ્યું છે કે જે લોકો અઠવાડીયામાં ૫ કલાકનું રનિંગ કરે છે, તેમની આયુ ૮૦ વર્ષથી વધારે થવાની સંભાવના રહે છે. રિપોર્ટના જણાવ્યા અનુસાર જો આપની ઉંમરથી ખુદને ૧૩ વર્ષ નાના હોવાનો અનુભવ કરો છો તો આપની ઉંમર ૮૦ વર્ષથી વધારે સુધી પહોંચી જશે. આ ત્યારે જ શક્ય છે, જ્યારે આપ ખુદ અને બીજા પ્રત્યે આશાવાદી વિચાર રાખશો. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, જે મહિલામાં પ્રેગ્નેન્સી જેટલી વધારી મોડુ થશે, તે મહિલા એટલા જ વધારે દિવસ જીવશે.

# પાઈલ્સથી પીડાવ છો? કેન્સર, ડાયાબિટીસ જેવી બિમારીઓમાં પણ મળશે રાહત

ગ્રામ્ય વિસ્તારની આજુબાજુની ઝાડીઓ તથા જંગલોમાં અંજીરના વૃક્ષો જોવા મળે છે. જૂના જમાનામાં દાદા-દાદી પેટની તકલીફ હોય તો અંજીરનો સૂપ કે સૂકા અંજીરને પાણીમાં પલાળીને પીતા હતા. માત્ર બાળકો જ નહીં, વૃદ્ધો અને ગર્ભવતી મહિલાઓને લોહીમાં આયર્નની ઉણપને પૂરી કરવા માટે અંજીર ખાવાની સલાહ આપવામાં આવે છે. સવારે ખાલી પેટે અંજીર ખાવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. અંજીર એક અત્યંત પૌષ્ટિક શાકભાજી છે, જેને કાચી અને સૂકી બંને રીતે ખાઈ શકાય છે. તેમાં વિટામિન છ, વિટામિન ભ, ફાઈબર, પ્રોટીન અને એન્ટીઑકિસડન્ટ્સ ભરપૂર માત્રામાં હોય છે. આવો જાણીએ કે અંજીરથી સ્વાસ્થ્યને કેવી રીતે ફાયદો થાય છે. ડાયાબિટીસના દર્દીઓ માટે અંજીરના ઘણા ફાયદા છે. વિવિધ અભ્યાસોએ સાબિત કર્યું છે કે ડાયાબિટીસના દર્દીઓ આ ફળનું સેવન કરીને લોહીમાં શર્કરાના સ્તરને સરળતાથી નિયંત્રિત કરી શકે છે. તમે સલાડ, સ્મૂધી, કોર્નફ્લેક્સ અથવા ઓટ્સમાં કાપેલા પાકેલા અંજીર ઉમેરી શકો છો. બ્લડ સુગર કંટ્રોલ કરવામાં ઉપયોગી: અંજીર બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવામાં સક્ષમ છે. વધુમાં, આ ફળમાં ઉચ્ચ સ્તરના ફાઈબર હોય છે, જે આંતરડાના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે. જો કે, ન્યુટ્રિશનિસ્ટ્સ અનુસાર, સૂકા અંજીર ખૂબ જ મીઠા હોય છે, તેથી જો તમારી પાસે બ્લડ સુગર હોય, તો તમારે તેને સમજદારીપૂર્વક ખાવું જોઈએ. કબજિયાત માટે ઉપયોગી: જો આપણે અંજીર ખાવાના પોષણ મૂલ્ય અને ફાયદા વિશે વાત કરીએ તો, અંજીરમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે, તેથી નિષ્ણાતો કબજિયાત અથવા પાઈલ્સવાળા દર્દીઓ માટે અંજીર ખાવાની ભલામણ કરે છે. તે આંતરડાની ગતિને સામાન્ય કરીને આરામ આપે છે. આંતરડાને સ્વસ્થ રાખવા માટે



અંજીર ખાવું જોઈએ. હાડકાંને મજબૂત બનાવવામાં ઉપયોગી: અંજીર કેલ્શિયમનો શક્તિશાળી સ્રોત છે, જે તમારા હાડકાંને સ્વસ્થ અને મજબૂત રાખવામાં મદદ કરે છે. શરીર પોતે કેલ્શિયમ ઉત્પન્ન કરતું નથી, તેથી દૂધ, સોયા, લીલા પાંદડાવાળા શાકભાજી અને અંજીર જેવા બાહ્ય સ્રોતો પર આધાર રાખવો જોઈએ. તેમાંથી શ્રેષ્ઠ ઘટક અંજીર છે. કેન્સર અટકાવવામાં ઉપયોગી: કેન્સરને રોકવામાં પણ અંજીરની મોટી ભૂમિકા છે. તાજેતરમાં એક અભ્યાસ બહાર આવ્યો છે. તે જાણીતું છે કે મેનોપોઝ પછી ઘણી સ્ત્રીઓ સ્તન કેન્સરથી પીડાય છે. અને તેથી અંજીરની કઢી અથવા અંજીર પલાળીને ખાવાથી આ કેન્સર થવાની સંભાવના ૩૪ ટકા ઘટી જાય છે. વજન ઘટાડવા માટે ઉપયોગી: જેમના શરીરનું વજન ધીમે-ધીમે વધી રહ્યું છે, તેમને કેટલીકવાર વિવિધ શારીરિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવા લોકોએ સવારે ઉઠીને પાકેલા અંજીરને અવશ્ય ખાવું જોઈએ. કારણ કે તે વજન ઘટાડવામાં ઘણી મદદ કરે છે.

# ડેન્ડ્રફ ઘટાડવા કરો આ ઘરેલુ ઉપાય

વાળ ખરવા ઉપરાંત ઘણા લોકો માથાની ચામડીમાં ખંજવાળ જેવી સમસ્યાથી પીડાતા હોય છે. જે ડેન્ડ્રફ અથવા ખોડો તરીકે ઓળખાય છે. વાળના વિકાસ માટે ડેન્ડ્રફને નિયંત્રણમાં લાવવું ખૂબ આવશ્યક છે. અહીં ડેન્ડ્રફ કંટ્રોલ કરવા માટેના કેટલાક ઘરેલુ ઉપાય સૂચવવામાં આવ્યા છે. વાળ ખરવાનું મુખ્ય કારણ શુષ્કતા છે. મોંઘા એન્ટી-ડેન્ડ્રફ શેમ્પૂ મોટાભાગે કામ કરતા નથી. આ સફેદ ફોલ્લીઓ માથાની ચામડી પર દેખાય છે. વાળમાં કાંસકો કરવાની સાથે સાથે સફેદ ડેન્ડ્રફ પણ બહાર આવે છે. વાળ ખરવા ઉપરાંત ડ્રાયનેસને કારણે માથાની ચામડીમાં ખંજવાળ જેવી સમસ્યા પણ થઈ શકે છે. જે ડેન્ડ્રફ અથવા ખોડો તરીકે ઓળખાય છે. વાળના વિકાસ માટે ડેન્ડ્રફને નિયંત્રણમાં લાવવું ખૂબ આવશ્યક છે. આ વર્ષે તમે ડેન્ડ્રફને અલવિદા કહીને તમારા વાળનું સ્વાસ્થ્ય સુધારી શકશો. સાથોસાથ તમે તમારા વાળને મનગમતી હેરસ્ટાઈલ પણ આપી શકશો. અહીં ડેન્ડ્રફની સારવાર માટેની કેટલીક સરળ રીતો સૂચવવામાં આવી છે. લીંબુના રસમાં થોડી ખાંડ ભેળવીને નહાવાના ૪-૫ કલાક પહેલા વાળમાં લગાવો અને ન્હાતી વખતે ધોઈ લો. એક અઠવાડિયામાં તમને ફરક દેખાશે. આમલકી વિટામિન ઝથી ભરપૂર છે અને ફૂગના નાશમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આમલકી પાવડરમાં લીંબુનો રસ ભેળવીને નહાવાના અડધો કલાક પહેલા લગાવવાથી ડેન્ડ્રફથી છુટકારો મળે છે.

# કાનમાં સંભળાતો સીટી જેવો અવાજ ટિનિટસ શું છે?

અનેક લોકોને કાનમાં સીટી જેવો અવાજ સંભળાતો હોય છે. આ અવાજને સામાન્ય રીતે લોકો ઈગ્નોર કરતા હોય છે, પરંતુ તમને જણાવી દઈએ કે આ તકલીફમાંથી રાહત મેળવવા માટે આ આસન બેસ્ટ છે. શું તમારા કાનમાંથી સીટી જેવો અવાજ આવે છે? આ સાથે કાનમાં કોઈ બુમો પાડતુ હોય એવું લાગી રહ્યું છે? આમ, તમારો જવાબ હા છે તો તમારા માટે આ ચિંતાનો વિષય છે. અનેક લોકો આ વાતને ઈગ્નોર કરતા હોય છે. પરંતુ તમને જણાવી દઈએ કે તમારી આ વાત તમને સમય જતા અનેક મુશ્કેલીમાં મુકી શકે છે. કાનમાં થતી આ સમસ્યાને ટિનિટસ કહેવામાં આવે છે. તો જાણો ટિનિટસની સમસ્યામાંથી રાહત મેળવવા માટે શું કરશો. ટિનિટસની સમસ્યામાં સામાન્ય રીતે વ્યક્તિને કાનમાં સીટીથી લઈને બીજા અનેક પ્રકારના અવાજ સંભળાતા હોય છે. સરળ શબ્દોમાં કહીએ તો ટિનિટસ એક ન્યૂરોલોજિકલ સમસ્યા છે. આ સમસ્યા ખાસ કરીને તણાવ, ઊંઘ પૂરી ના થવી, વધારે મોડી રાત સુધી મોબાઈલ કાન સાથે લગાવી રાખીને વાતો કરવી, હેડફોનનો અવાજ ફાસ્ટ રાખીને સાંભળવુ, ડિપ્રેશન, શરદી જેવા વગેરે કારણે થાય છે. આમ, ટિનિટસ થવા પાછળ આ કારણો મુખ્યત્વે ભાગ ભજવે છે. તો જાણો ટિનિટસની સમસ્યામાંથી રાહત મેળવવા માટે શું કરશો. ટિનિટસની સમસ્યામાંથી રાહત મેળવવા માટે ભ્રામરી પ્રાણાયમ એક બેસ્ટ ઓપ્શન છે. આ પ્રાણાયમ તમને ટિનિટસની સમસ્યામાંથી બહાર લાવવાનું કામ કરે છે. આ યોગા તમે જ્યારે કરો છો ત્યારે શ્વાસ છોડવાની પક્રિયા સમયે મધમાખીનો અવાજ નિકળે છે. ભ્રામરી યોગ કરવા માટે સૌથી પહેલાં શાંત વાતાવરણની ખાસ જરૂર હોય છે. આ માટે શાંત વાતાવરણમાં તમે બેસી જાવો અને શરીરને પૂરી રીતે ઢીલું કરી દો. ત્યારબાદ હોઠને બંધ કરો. આમ કરવાથી તમે ધ્વનિ સંભળાશે. ત્યારબાદ તર્જની આંગળીથી કાન બંધ કરીને લાંબા શ્વાસ અંદર લો અને બહાર કાઢો. હવે મધમાખીને જેમ ધ્વનિ કાઢો. આ પક્રિયા બેથી ત્રણ વખત કરવાથી લાભ થાય છે. આમ, તમે આ આસન રેગ્યુલર કરો છો તો ટિનિટસની સમસ્યામાંથી છૂટકારો મળી જાય છે. આ તમારા માટે એક બેસ્ટ ઓપ્શન છે. આ સરળતાથી તમે ઘરે જાતે કરી શકો છો. આ આસન કરવા માટે કોઈ એક્સપર્ટની જરૂર નહીં પડે. ટીનિટસ કોઈ બીમારી નથી પરંતુ કાન સાથે સંબંધિત બીમારીનું લક્ષણ છે, જો સ્થાયી રીતે અથવા તીવ્ર ટિનિટસની સમસ્યા હોય તો



ડોક્ટરની સલાહ અનિવાર્ય છે. **Tinnitus:** સૂતી વખતે કાનમાં સતત અને તીવ્ર અવાજ સાંભળવો વહેમ છે કે બીમારીનું લક્ષણ? જાણો નિષ્ણાતની સલાહ, જો તમને ઘણીવાર તીવ્ર અવાજ સંભળાતો હોય તો તે કાન સાથે સંબંધિત મેડિકલ કન્ડિશન ટિનિટસના લક્ષણો છે. આ લક્ષણોમાં વ્યક્તિને કાનમાં તીણો અવાજ, ઘંટડી વાગતી હોય, સીટી વાગતી હોય કે હૃદયના ધબકારાના અવાજ પણ સંભાળાતા હોય છે. આ સ્થિતિ રાત્રે સૂતી વખતે વધારે ગંભીર બની જાય છે. રાત્રે ચારેતરફ શાંતિ હોય છે જેનાથી ઈન્ટેન્સ ટિનિટસનો અનુભવ થાય છે. વિશ્વમાં ૭૪૦ મિલિયનથી વધારે વયસ્કોમાં ટિનિટસના ઓછામાં ઓછું એક લક્ષણ હોય છે અને અંદાજિત ૧૨૦ મિલિયન લોકો ગંભીર રીતે આ બીમારીથી પ્રભાવિત છે. આ અંગે પૂણે સ્થિત ડો ડી વાય પાટિલ મેડિકલ કોલેજ, હોસ્પિટલ અને મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના ઈએનટી ડિપાર્ટમેન્ટના હેડ અને પ્રોફેસર, ટિનિટસ સામાન્ય રીતે શ્રવણશક્તિની નસમાં ખરાબીના કારણે થાય છે. અતિતીવ્ર ધ્વનિ જેમ કે, ફટાકડાંના અવાજ અથવા બ્લાસ્ટનો અવાજ કે પછી ૯૦-૧૦૦ ડેસિબલથી વધારે સ્તરમાં સંગીત સાંભળવાથી કાનની નાજુક પેશીઓ ક્ષતિગ્રસ્ત થવાના ચાન્સિસ વધી જાય છે. આ સાથે જ ઘણીવાર બાહ્યકર્ણ અને મધ્યકર્ણમાં બેક્ટેરિયા અથવા વાયરસના સંક્રમણના કારણે પણ ટિનિટસની સમસ્યા થઈ શકે છે. અંતકર્ણના નાજૂક હિસ્સામાં સોજા પણ ટિનિટસનું એક કારણ છે. આ સિવાય મગજ અથવા અંતકર્ણમાં ગાંઠના કારણે ટિનિટસ એટલે કે તીણો અવાજ સંભળાય છે. ડોક્ટરના જણાવ્યા અનુસાર, જો ટિનિટસ કોઈ તાત્કાલિક કારણોસર થાય છે જેમ કે ધ્વનિ પ્રદૂષણ અથવા તીવ્ર અવાજના સંપર્કમાં આવવાથી તો આ સ્થિતિ ગંભીર નથી. તે અમુક કલાકો અથવા દિવસોમાં આપમેળે જ ઠીક થઈ જાય છે.

BOLLYWOOD NEWS FLASH

**ફિલ્મે માત્ર ૭ દિવસમાં વિશ્વભરમાં ૬૬૦.૦૩ કરોડ રૂપિયાનું બમ્પર કલેક્શન કર્યું છે, ગયા દિવસે આ આંકડો ૬૨૦ કરોડ હતો**



# વિદેશમાં પણ વાગ્યો શાહરુખ ખાનનો ડંકો

। મુંબઈ, તા.૧૮ ।

બોલિવૂડ એક્ટર શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન'નો ક્રેઝ માત્ર ભારતમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં જોવા મળી રહ્યો છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ તોડી ચૂકી છે અને નવા રેકોર્ડ બનાવવાની તૈયારી કરી રહી છે. જ્યાં દેશમાં ફિલ્મે માત્ર ૭ દિવસમાં ૩૪૫.૫૮ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. હવે ફિલ્મના ૭ દિવસનું વર્લ્ડવાઈડ કલેક્શન પણ સામે આવ્યું છે. જાણો ફિલ્મે કેટલી કમાણી કરી છે. બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાને ફરી એકવાર પોતાની દમદાર એક્ટિંગથી લોકોને દિવાના બનાવી દીધા છે. માત્ર દેશમાં જ નહીં વિદેશમાં પણ અભિનેતાનો નશો લોકો પર હાવી થઈ રહ્યો છે. આ ફિલ્મે માત્ર ૭ દિવસમાં વિશ્વભરમાં ૬૬૦.૦૩ કરોડ રૂપિયાનું બમ્પર કલેક્શન કર્યું છે. ગયા દિવસે આ આંકડો ૬૨૦ કરોડ હતો. જેમાં એક જ દિવસમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. 'જવાન'ની આ જોરદાર કમાણી જોઈને બધા આશ્ચર્યચકિત છે. સામાન્ય લોકોની સાથે બોલિવૂડ અને સાઉથના સેલેબ્સ પણ અભિનેતાના ફેન બની ગયા છે અને સોશિયલ મીડિયા દ્વારા તેના વખાણ કરી રહ્યા છે. શાહરૂખ ખાનની આ ફિલ્મ ૭ સપ્ટેમ્બરે જન્માષ્ટમીના દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મે પહેલા જ દિવસે ૭૫ કરોડ રૂપિયાનું શાનદાર કલેક્શન કર્યું હતું. બીજા દિવસે ફિલ્મે ૫૩.૨૩ કરોડ રૂપિયા, ત્રીજા દિવસે ૭૭.૮૩ કરોડ રૂપિયા, ચોથા દિવસે ૮૦.૧ કરોડ રૂપિયા, પાંચમાં દિવસે ૩૨.૯૨ કરોડ રૂપિયા, છઠ્ઠા દિવસે ૨૬ કરોડ રૂપિયા અને સાતમા દિવસે શાહરૂખની ફિલ્મે ૨૩ કરોડની કમાણી કરી હતી.

**એક યુઝરે લખ્યું કે, આ સનાતની સંસ્કૃતિ નથી શરમ કરો, કેટલાય યુઝર્સ સ્વરાને ટ્રોલ કરી રહ્યા છે**

# સ્વરા ભાસ્કરે ભગવા કપડામાં ફોટોશૂટ કરાવતા લોકો ભડક્યા

। મુંબઈ, તા.૧૮ ।

હાલમાં જ એક્ટ્રેસે પોતાના ગ્લેમરસ મેટરનિટી ફોટોશૂટ કરાવ્યો હતો. તેની તસવીરો સ્વરાએ ઈંસ્ટાગ્રામ પર અપલોડ કરી હતી. પણ સ્વરાને પોતાના મેટરનિટી શૂટની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવી ભારે પડી છે. તેને ટ્રોલ કરવામાં આવી રહી છે. આપને જણાવી દઈએ કે, સ્વરા ભાસ્કરે આ વર્ષે ફહાદ સાથે લગ્ન કર્યા હતા અને થોડા સમય બાદ તેણે પ્રેગ્નેન્સીની જાહેરાત કરીને સૌ કોઈને ચોંકાવી દીધા હતા. તો વળી હવે એક્ટ્રેસે પોતાની મેટરનિટી ફોટોશૂટની તસ્વીરો શેર કરી છે, જે ખૂબ જ વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં સ્વરા ભાસ્કરે ભગવા રંગનો ડ્રેસ પહેરેલી જોવા મળે છે. સાથે જ બેકગ્રાઉન્ડમાં પણ ભગવા રંગ છે. તેણે પોતાની આ તસવીરો શેર કરવાની સાથે એક્ટ્રેસે કેપ્શનમાં લખ્યું છે કે, જેન્ટલ રિમાઈંડર પ્રેગ્નેન્સી કોઈ પણ અન્ય સમયની માફક ગ્લેમર માટે પણ સારો સમય છે. તો વળી સ્વરાની આ તસવીરોને લઈને હવે ખૂબ જ ટ્રોલ કરવામાં આવી રહી છે.



# શાહરૂખે જવાનની સફળતા માટે ચાહકોનો આભાર માન્યો

। મુંબઈ, તા.૧૮ ।

બોલિવૂડ અભિનેતા શાહરૂખ ખાનની ખુશીઓ અત્યારે સાતમા આસમાન પર છે. અભિનેતાની ફિલ્મ 'જવાન' પર ચાહકો અપાર પ્રેમ વરસાવી રહ્યા છે. હવે ફિલ્મની અપાર સફળતા બાદ શાહરૂખ ખાને તેની પ્રથમ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેણે ફેન્સ અને મીડિયાનો આભાર માન્યો હતો. શાહરૂખ ખાને પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, બધાનો આભાર. પ્રેસનો આભાર, અહીં આવેલા ચાહકોનો આભાર. ખૂબ જ ઓછી તક મળે છે કે કોઈ ફિલ્મ સાથે આ રીતે જીવી શકાય. આ ફિલ્મમાં સાઉથના ઘણા લોકો સામેલ હતા. એટલા માટે આ ફિલ્મ ચાર વર્ષથી બની રહી હતી. તેથી ટીમમાં ઘણા એવા લોકો હતા જેઓ ઘણા દિવસોથી તેમના ઘરે ગયા ન હતા. આ તેની મહેનત છે. શાહરુખે કહ્યું, 'દીપિકા બેશરમ રંગ કરી રહી હતી... હું વિચારી રહ્યો હતો કે શું તે જવાનમાં માતાનો રોલ કરશે ? પૂજા દદલાણી તેની પાસે ગઈ અને બે મિનિટમાં દીપિકાએ કહ્યું કે તે આ રોલ કરશે. આ ભૂમિકા ભજવીને દીપિકાએ બતાવ્યું કે તે એક ઉદારદિલ અભિનેત્રી છે. દીપિકાએ વિચાર્યું કે હું એક નાનકડો રોલ કરવા આવી છું, પરંતુ અમે તેને મૂર્ખ બનાવી અને તેની સાથે આખી ફિલ્મ શૂટ કરી... દીપિકા આભાર. શાહરૂખ ખાને વધુમાં કહ્યું કે ફિલ્મમાં તમામ મહિલાઓ અને દીપિકા પાદુકોણ ખૂબ જ સુંદર લાગી રહી છે. સુનીલ ગ્રોવરનું કામ પણ અદ્ભુત છે અને ફિલ્મમાં મારો તો કોઈ જવાબ નથી. આ ફિલ્મ માટે ૧૦૦ થી વધુ ટેકનિશિયનોએ કામ કર્યું છે.

**મારો પુત્ર તે જાણે છે. તે પૂરા દિલથી મહેનત કરે છે, બાકીનું કામ ટેકનિશિયન કરે છે, પણ મારું બાળક હિંમતથી રમે છે**

# ફિલ્મો સારી નથી ચાલતી ત્યારે પુત્ર ટાઈગર દુઃખી થાય છે : જેકી

। મુંબઈ, તા.૧૮ ।

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા જેકી શ્રોફે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૩૩ વર્ષ પૂર્ણ કર્યા છે. આજે પણ તેઓ સિનેમાની દુનિયામાં ખૂબ જ સક્રિય છે અને સતત ફિલ્મો કરી રહ્યા છે. હવે તેમણે તેમના પુત્ર ટાઈગર શ્રોફની કારકિર્દી વિશે ખુલીને વાત કરી છે. તેમણે જણાવ્યું કે જ્યારે તેમના પુત્ર ટાઈગરની કોઈ પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારો દેખાવ નથી કરી શક્તી ત્યારે તેમને કેવું લાગે છે. આટલું જ નહીં જેકીએ તેમના પુત્રના કામની પ્રશંસા કરી અને કહ્યું કે તે દરેક ફિલ્મમાં પોતાનું ૧૦૦% આપે છે. જેકી શ્રોફે જિયો સિનેમાને આપેલા ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું હતું કે જ્યારે ફિલ્મો સારી નથી ચાલતી ત્યારે પુત્ર ટાઈગર દુઃખી થાય છે અને તેનું દિલ પણ દુઃખે છે. તેમણે કહ્યું, 'તે ઘરે ઉદાસ બેસે છે. દિલ તો દુઃખે છે પણ હું કહું છું કે તમે જેટલા પડો ત્યારે તમારે ધીરજ રાખીને આગળ વધવું જોઈએ. મારો પુત્ર તે જાણે છે. તે પૂરા દિલથી મહેનત કરે છે, બાકીનું કામ ટેકનિશિયન કરે છે, પણ મારું બાળક હિંમતથી રમે છે. જ્યારે પણ તેની મહેનતના વખાણ થાય છે ત્યારે તેને સારું લાગે છે.



# કિરણે ઈન્ટરવ્યુમાં આમિર ખાનના ખૂબ વખાણ કર્યા

## છૂટાછેડાના ૨ વર્ષ બાદ આમિર સાથેના સંબંધો પર વાત કરી કિરણ રાવે તેના પૂર્વ પતિ આમિર ખાનના ખૂબ વખાણ કર્યા છે, એ પણ કહ્યું કે, છૂટાછેડા પછી પણ કંઈ ખાસ બદલાયું નથી

। મુંબઈ, તા.૧૮ ।

આમિર ખાન છેલ્લા ઘણા સમયથી એક્ટિંગ બ્રેક પર છે. આ દિવસોમાં આમિર ખાન પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહ્યો છે. ફિલ્મોથી દૂર રહ્યા પછી પણ આમિર ખાન ચર્ચામાં રહે છે. તાજેતરમાં, આમિર ખાનની પૂર્વ પત્ની કિરણ રાવે તેમના સંબંધો વિશે વાત કરી છે. આ ઈન્ટરવ્યુ બાદ આમિર ખાન ફરી એકવાર મીડિયામાં ફેમસ થઈ ગયો છે. આમિર ખાને વર્ષ ૨૦૨૧માં તેની પત્ની કિરણ રાવ સાથે છૂટાછેડા લીધા હતા. ત્યારથી બંને એકલા રહે છે. તાજેતરમાં, આમિર ખાનની પૂર્વ પત્ની કિરણ રાવે ફિલ્મ કમ્પેનિયનને



એક ઈન્ટરવ્યુ આપ્યો છે. જેમાં કિરણ રાવે પોતાના સંબંધો વિશે ખુલીને વાત કરી છે. કિરણ રાવે પોતાના ઈન્ટરવ્યુમાં આમિર ખાનના ખૂબ વખાણ કર્યા છે. એમ પણ કહ્યું કે, હું આભારી છું કે, મેં મારા જીવનનો સૌથી મહત્વપૂર્ણ સમય તેમની સાથે વિતાવ્યો. દિગ્દર્શક કિરણ રાવે આમિર ખાન સાથેની ફિલ્મનો ઉલ્લેખ કર્યો અને તેને એક શાનદાર કામ કરવાનો અનુભવ ગણાવ્યો. કિરણ રાવે કહ્યું, 'આમીર ખાન મારા જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ આધાર રહ્યો છે. અમારી ફિલ્મની સ્ક્રિપ્ટ આમિરને મળી હતી. આ પછી તેણે મને તેનું દિગ્દર્શન કરવાની ઓફર કરી. ફિલ્મ દરમિયાન અમે સાથે મળીને ઘણી બાબતોનો સામનો કર્યો. આમિર સાથે મારો ક્યારેય ખરાબ સંબંધ નહોતો. મેં તેની સાથે જે પણ સમય વિતાવ્યો તે અદ્ભુત હતો. કિરણ રાવે તેના પૂર્વ પતિ આમિર ખાનના ખૂબ વખાણ કર્યા છે. એ પણ કહ્યું કે, છૂટાછેડા પછી પણ કંઈ ખાસ બદલાયું નથી. આમિર ખાનથી છૂટાછેડા પછી પણ કિરણને સમર્થન મળતું રહે છે. કિરણ રાવે ઈન્ટરવ્યુમાં કહ્યું, 'છૂટાછેડા પછી પણ અમારા સંબંધો એટલા જ મજબૂત છે. આજે પણ આમિર મને સપોર્ટ કરે છે.' આ દિવસોમાં કિરણ રાવ તેની ફિલ્મ 'લાપતા લેડીઝ'ની તૈયારીમાં વ્યસ્ત છે. કિરણે આ ફિલ્મનું નિર્દેશન કર્યું છે. આ ફિલ્મ આવતા વર્ષના શરૂઆતના મહિનામાં રિલીઝ થવાની છે.



ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિતે જય ઝલાઈમાં શક્તિ કેન્દ્ર સાંઈબાબા મંદિર ઝાલોદ ખાતે સાંઈબાબાની આરતી તથા હનુમાન ચાલીસાના પાઠ કરી ત્યાર પછી નાના બાળકોને પ્રસાદી આપી ભારતમાતાની જયકાર અને મોદી આપ આગે બઢો નારાની સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ની ઉજવણી કરી હતી.

## ઝાલોદ વિશ્વકર્મા મંદિરે મહિલાઓ દ્વારા કેવવડાત્રીજ વ્રતકથાનું પૂજન કરાયું



। ઝાલોદ, તા.૧૮ ।

કેવડાત્રીજ એ ભાદરવા સુદ ત્રીજના દિવસે આવે છે. દાંતકથાઓ અનુસાર માતા પાર્વતીને આ વ્રત કરવાથી જ ભગવાન શિવ પતિ તરીકે પ્રાપ્ત થયા હતા. આખા વર્ષમાં આજના દિવસે ભગવાન શિવને કેવડાનું પાન કે ફૂલ ચઢાવવામાં આવે છે. આ વ્રત સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે રાખતી હોય છે તેમજ કૂવારિકાઓ પણ આ વ્રત સારા પતિની મનોકામના માટે કરતી હોય છે. આ વ્રત, પૂજા કરવાથી તેમજ ભગવાન શિવની આરાધના કરવાથી શિવજી દરેક મનોકામના પૂરી કરે છે. ઝાલોદ પંચાલ સમાજની મહિલાઓ સૌ એક સાથે વિશ્વકર્મા મંદિરે ભેગા થઈ કેવડાત્રીજની પૂજા કથા કરવામાં આવી હતી. દાંતકથાઓ મુજબ વર્ષમાં ફક્ત આ એક જ દિવસ શિવ ભગવાનને કેવડો અર્પણ કરવામાં આવે છે. આ દિવસે વ્રત કરવાથી સ્ત્રીઓનો સુહાગ અમર રહે છે તેમજ બધાં ફળોની પ્રાપ્તિ થાય છે.

ગોરા શુલપાણ મન્દિરનો પુલ, નર્મદા ઘાટ પાણીમાં ગરકાવ

## ગોરાથી કેવડિયા રાજપીપળા તરફ જવાનો રસ્તો વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યું

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૮ ।



મધ્યપ્રદેશના ઈન્દિરાસાગર અને ઓમકારેશ્વર ડેમમાંથી ૧૧થી ૧૫લાખ ક્યુસેક પાણી છોડાતા નર્મદાડેમમાં પાણીની ભારે આવક થતા ડેમ સત્તાવાળાઓને ૨૩ગેટ ખોલી લાખો ક્યુસેક પાણી છોડવાની ફરજ પડતા નર્મદામાં શનિવાર રવિવારે ઘોડા પૂર આવ્યા હતાં. જે પાણી આજુબાજુના ગામોમાં ઘુસી જતાં ભારે તબાહી સર્જી હતી. જોકે આજથી પાણી ધીમે ધીમે ઓસરી રહ્યાં છે પણ હજી પણ પાણી છોડવાનું ચાલુ હોવાથી સ્થિતિ સામાન્ય બનીનથી. ખાસ કરીને ગોરા શુલપાણ મન્દિરનો પુલ, નર્મદા ઘાટ, એકતા નર્સરી પાણીમાં ગરકાવથઈ ગયા છે.ગોરાથી કેવડિયા રાજપીપલા તરફ જવાનો રસ્તો વાહન વ્યવહાર બંધ કરાયો. આજુબાજુ ના ગામો માં ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ગામ લોકોનું કહેવું છે કે ચાલુ સીઝનમાં પહેલી વાર આટલુ પાણી અમારા ગામમાં આવ્યું છે.

જોકે રસ્તો વાહન વ્યવહાર બંધ કરાયો હોવાથી સ્ટેચ્યુ પર આવતા જતાં પ્રવાસીઓ અટવાઈ ગયા હતાં. ડેમ તરફ જવાય એમ નથી હાલ એ તરફ ના બધાં રસ્તાઓ બંધ કરી દેવાયા છે. પાણી ધીમે ધીમે ઓસરી રહ્યાં છે હજી પણપાણીની આવક ૭,૧૫,૩૨૭ ક્યૂસેકસામે પાણીની જાવક ૫,૯૫,૦૦૦ ક્યૂસેક નોંધાઈ છેડેમ નીઐતિહાસિક સપાટી ૧૩૮.૬૮મીટર વટાવી છે.

## ઝાલોદ સુખસર જતાં રસ્તા પર ત્રણ ટ્રક પલટી ખાઈ ગઈ : રસ્તા પર બંને બાજુ ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા

### તાત્કાલિક ડી.વાય.એસ.પી પટેલ તેમજ પી.એસ.આઇ રાઠવા ઘટના સ્થળે પહોંચી ગયા




। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૮ ।

ઝાલોદ મુવાડા ચોકડી થી આસરે બે કિલોમીટરના અંતરે ત્રણ ટ્રક પલ્ટી રોડ પર થી ઉતરી નીચે પલ્ટી ખાઈ ગયેલ છે. ટ્રક જોતા એવું લાગી રહેલ છે કે આ ત્રણે ટ્રક સુખસર તરફ થી ઝાલોદ તરફના રસ્તા પર આવતી હતી. આ ત્રણે ટ્રક પલ્ટી ખાઈ ગયેલ હોવાના સમાચાર પ્રાપ્ત થતા તાત્કાલિક ડી.વાય.એસ.પી પટેલ અને પી.એસ. આઈ રાઠવા સહિતનો પોલિસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવેલ હતો. ટ્રક પલ્ટી ખાઈ જવાની ઘટનાને લઈ કોઈ જાનહાનિ ન હોવાની માહિતી મળેલ છે. આ ત્રણે ટ્રક પલ્ટી ખાઈ જતાં તાત્કાલિક ટ્રક ખસાડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી અને આ ટ્રક પલટી ખાઈ ગયેલને લઈ બંને બાજુ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયેલ હતા.

પ્રાથમિક રીતે જોતાં એવું તારણ કાઢી શકાય કે બે દિવસથી નગરમાં ભારે વરસાદને લઈ આ ટ્રકો રોડ પરની આજુબાજુની માટીમાં ફસાઈ જવાથી પલ્ટી ખાઈ ગયેલ હોઈ શકે તેવું માનવામાં આવી રહેલ છે.હાલ આ રસ્તા પર થી વાહન વ્યવહાર ખોરવાઈ ગયેલ છે મોટી ટ્રક કે બસ એક્સીડેન્ટ થયેલ જગ્યાએ દુર્ઘટના થયેલ વહાનો ન હટતા આ રસ્તા પરથી પસાર થઈ શકે તેવું નથી. આ લખાય છે ત્યાં સુધી આ એક્સીડેન્ટ વિશે કોઈ પણ કેસ પોલિસ ચોપડે નોંધાયેલ નથી.

વિયર ડેમ છલકાતા નર્મદામાં ઘોડાપૂર

## કાંઠા વિસ્તારના ગામોમાં પાણી ઘુસ્યાભારે નુકશાન



। રાજપીપળા, તા.૧૮ ।

નર્મદાડેમમાંથી ૨૩દરવાજા ખોલી લાખો ક્યુસેક પાણી છોડાતા નર્મદા નદીમાં ઘોડાપૂર આવ્યા છે. ખાસ કરીને ગરુડેશ્વર પાસેનો વિયરડેમ છલકાયોછે. ભારે પાણીની આવકને કારણે વિયર ડેમ ઉપર થઈને પાણી નર્મદામાં વહી રહ્યું છે.વિયર ડેમ છલકાતા નર્મદામાં ઘોડા પૂર આવતા અહીંના પુલ પરની અવરજવર બંધ કરી દેવાઈ છે.

વિયરડેમના કાંઠા વિસ્તારનાઆજુબાજુના ગામોમાં પાણી ઘુસ્યા છે જેનાથી ભારે નુકશાનથયાં ના અહેવાલ છે. આજુબાજુના ખેતરોમાં પાણી ફરી વળતા પાકને પણ ભારે નુકશાન થયાંના અહેવાલ છે. પાણી ભલે ધીમે ધીમે ઓસરી રહ્યાં છે પણ હજી પણ નર્મદા બે કાંઠે વહી રહી છે પરિસ્થિતિ હજી પણ થાળે પડી નથી નર્મદાના ભારે પાણીના પ્રવાહ ને કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. ત્રણ દિવસ સુધીશાળા કોલેજોમાં રજા રાખવી પડી છે. તંત્ર બચાવ રાહત કાર્ય જરૂર કરી રહ્યું છે સત્વરે આ કામગી-રીમાં વેગ આવે એવુ જનતા ઈચ્છી રહી છે. નર્મદા જિલ્લામાં આવેલા રાજપીપળા-દેવલીયા નેશનલ હાઈવે નં.-૫૬ પરના જુના નર્મદા બ્રીજના એપ્રોચમાં નુકશાન થયું હોવાથી સલામતીના ભાગરૂપે આ બ્રીજ વાહનવ્યવહાર માટે બંધ કરી જુના બ્રીજ પરનો વાહનવ્યવહાર ડાબી બાજુના નવા બ્રીજ પર ડાયવર્ટ કરવા અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.એ. ગાંધીએ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે.

## શંખેશ્વર જહાજ મંદિરના ઉપક્રમે પ્રભુ મહાવીર જન્મ વાંચનની ઉજવણી કરાઈ

### પૂજ્ય ગુરુભગવંતો દ્વારા મહાવીર જન્મ વાંચનનો ઉપસ્થિત વિશાળ સમુદાયે લાભ લીધો.

। યશપાલસિંહ ટી વાઘેલા થરા, તા.૧૮ ।



શંખેશ્વર મહાતીર્થના ઉપક્રમે આવેલ શ્રી અષાઢીયા પાર્શ્વનાથ જહાજ મંદિર શ્રી પાર્શ્વચંદ્રસૂરી દાદાના પ્રાંગણે ચાલી રહેલ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના પાંચમા દિવસે શ્રી મહાવીર જન્મ વાંચન ની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે પૂ.સા.શ્રી ભાવીતગુણા શ્રીજી મ.સા અને પૂ.સા.શ્રી અમી વર્ષાશ્રીજી મ.સા ની નિશ્રામાં મહા વીર જન્મવાંચનની ઉજવણી કરવામાં આવેલ. સાથે આ પ્રસંગે રાજસ્થાનના નાગૌર જૈન સંઘમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન શ્રી જાહજ મંદિર પ્રેરિકા પૂ.સા. શ્રી સુનંદિતાશ્રીજી મ.સા એ શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવેલ.અને આ પ્રસંગે રાજસ્થાનના મીરપુર તીર્થ થી પૂજય મુનિરાજશ્રી નયશેખર વિજયજી મ.સા એ જણાવેલ કે પર્યુષણ પર્વના પાંચમા દિવસ એટલે પ્રભુ મહાવીરનો જન્મ વાંચનનો દિવસ કહેવાય.પ્રભુના જન્મ સમયે નારકીના જીવોને પણ ક્ષણભર માટે સુખનો અનુભવ થાય છે.તીર્થંકરના અતિશય પુણ્યનો આ પ્રભાવ હોય છે.

વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ ભક્તિમાં ઝુમી ઉઠ્યા હતા.ચૌદ સ્વપ્નને પધરાવવાનું ફૂલની માળા,મોતીની માળા પહેરાવી તેને ઝૂલાવવાના વિવિધ ચડાવવા બોલી સકલ સંઘને દર્શન કરાવવામાં આવેલ.જેમાં અલગ- અલગ પરિવારોએ દ્વારા લાભ લીધેલ. ત્યારબાદ જન્મની વધાઈ થતાં જ શ્રાવકોએ શ્રીફળ વધેરવા દ્વારા આનંદ વ્યક્ત કરેલ. આ પ્રસંગે બુંદીના લાડવાની પ્રભાવના કેવિન ફૂલીનભાઈ દેઢિયા ના જન્મદિવસ નિમિત્તે ગામ-કોડાય, હાલ-મલાડ,મુંબઈ પરિવાર તરફથી કરવામાં આવેલ. પ્રભુવીરનું ઘોડિયા પારણું અને શ્રીફળની પ્રભાવના માનીદેવી સરોજજી છલ્લાણી પરિવારે લીધેલ આ પ્રસંગે જહાજ મંદિરના ટ્રસ્ટીવર્ય તેજપાલ ભાઈ શાહ અને ટ્રસ્ટીવર્ય મેહુલભાઈ શાહ ઉપસ્થિત રહેલ.સાથે પરમ ગુરુભક્ત અંકુરભાઈ શાહ અને જયેશ ભાઈ શાહ ઉપસ્થિત રહેલ. અંગીના દાતા રાજુદેવી માનમલ જી ડુંગડ પરિવારે લીધેલ અને સાંજે મૂળનાયનક શ્રી અષાઢીયા પાર્શ્વનાથ પ્રભુની વિશિષ્ટ આંગી રચવામાં આવેલ. જેમાં ભાવિકભક્તોએ દર્શન કરેલ મહાવીર જન્મ વાંચન દરમિયાન ભાવિકોએ પ્રભુવીરનું ઘોડિયા પારણું ઝુલાવિયું હતું.આ પ્રસંગે જહાજ મંદિરના મેનેજર હીરાલાલભાઈ શાહ અને સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા સંભાળેલ અને સ્ટાફ ગણ પણ સુંદર સાથ સહકાર આપેલ. આ પ્રસંગે મુંબઈ, શંખેશ્વર, કચ્છ, અમદાવાદ વિગેરેથી ભાવિકો પધારેલ.

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઇન્ડીયન સ્વચ્છતા લીગ સીઝન-૨નું આયોજન કરાયું

। અમદાવાદ, તા.૧૮ ।

શહેરના કાંકરીયા લેકફ્રન્ટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મેયર સુશ્રી પ્રતિભા જૈન તથા જાણીતા કલાકાર શ્રી મયુર વાકાણી રહ્યા ઉપસ્થિત અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈન્ડીયન સ્વચ્છતા લીગ સીઝન - ૨નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શહેરના કાંકરીયા લેકફ્રન્ટ ખાતે યોજાયો હતો, જેમાં શહેરના મેયર સુશ્રી પ્રતિભા જૈન તથા જાણીતા કલાકાર શ્રી મયુર વાકાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મેયર સુશ્રી પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, સ્વચ્છતા એ રોજિંદા જીવનમાં અપનાવવાનો સદગુણ છે. તેઓએ ભીના અને સુકા કચરાને અલગ તારવવા અને પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ન કરવા અનુરોધ કર્યો હતો. આ તકે મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ.થેન્નારસન અને જાણીતા કલાકાર શ્રી મયુર વાકાણીએ શહેરને સ્વચ્છ રાખવા અપીલ કરી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા રેલને પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઉપરાંત, કપડાંની થેલીઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરી અને ગ્રામીણ ક્ષેત્રે તા.૧૫ સપ્ટેમ્બરથી 'સ્વચ્છતા હી સેવા' અભિયાન શરૂ કરાયું છે. જેના ભાગરૂપે રાજ્યમાં તા. ૧૫ સપ્ટેમ્બરથી તા.૧૫ ઓકટોબર સુધી આ અભિયાન અંતર્ગત વિવિધ સ્વચ્છતા સંબંધિત કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અમૂલ ભટ્ટ, કોર્પોરેટરશ્રીઓ, કોર્પોરેશનના અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ તથા સ્થાનિક નાગરિકો હાજર રહ્યા હતા.

## અખિલ ભારતીય કલાલ સમાજનો રાષ્ટ્રીય મહા અધિવેશન દિલ્હી ખાતે યોજાયો

। ઝાલોદ, તા.૧૮ ।

અખિલ ભારતીય કલાલ કલવાર સમાજનું રાષ્ટ્રીય મહાધિવેશન દિલ્હી ખાતે ૧૭ સપ્ટેમ્બર રવિવારના રોજ યોજાયો હતો જેમાં નેપાળ દેશના રાષ્ટ્રીય પ્રમુખ રાષ્ટ્રીય કલાલ સમાજ મહાસભાના પ્રમુખ સહિત દેશભરમાંથી કલાલ જયસ્વાલ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સમાજ ના સર્વોચ્ચ નાગરિકો નું સન્માન કરાયું હતું.

અખિલ ભારતીય કલાલ સમાજ મહાસભાનું રાષ્ટ્રીય મહા અધિવેશન દિલ્હી ખાતે કાશ્મીર ગેટ તીકોના પાર્ક ખાતે યોજાયો હતો. જેમાં શ્રી સહસ્ત્ર બહુ



ભગવાન અર્જુન પૂજન તેમજ બલભદ્ર જન્મોત્સવ નિમિત્તે પૂજન અર્જન નો કાર્યક્રમ યોજાયો હતો. સમાજના સર્વોચ્ચ નાગરિક, કર્મયોદ્ધા ઓ નું સન્માન કરવામાં આવ્યું હતું. નેપાળ દેશના કલાલ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ રમેશચંદ્ર શાહ તેમજ અખિલ ભારતીય કલાલ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ શંકરલાલ કલાલ ના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજસ્થાન મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ ઓરિસ્સા તેલગણા કલકત્તા બિહાર ઉત્તર પ્રદેશ બંગાળ સહિત અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં કલાલ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં રાષ્ટ્રીય મહાસભાના અધ્યક્ષ શંકરભાઈ કલાલ મહાસચિવ કિશોરભાઈ કલાલ રાષ્ટ્રીય કોષાધ્યક્ષ મનીષભાઈ રાય ઉપાધ્યક્ષ રવિ જેસવાલ હરીશ કલાલ હરિયાણાના રમેશજી અહુવાલિયા રાષ્ટ્રીય સચિવ હરેશભાઈ કલાલ (પાલનપુર) ભાવનાબેન સુહાલકા, અરુણા ગુપ્તા ગ્વાલિયર, લલિત સમદુરકર, મેવાડા કલાલ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રકાશ શાહ (પાલી) અખિલ ભારતીય કલાલ મહાસભાના ગુજરાત પ્રદેશના મહાસચિવ હિતેશ કલાલ, રાષ્ટ્રીય યુવા મહાસભા મીડિયા પ્રભારી દિલીપ મેવાડા. ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિશેષ ઝાકી પણ પ્રસ્તુત કરવામાં આવી હતી. સમસ્ત કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું જેમાં દેશભરના કલાલ સમાજ એ લાઈવ કાર્યક્રમ નિહાળ્યો હતો. ગુજરાત પ્રદેશની રાષ્ટ્રીય કાર્યકર્ણી સમિતિની જાહેરાત કરી હતી.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. જીવન ની સમસ્યાઓનું સમાધાન તમારે જાતે શોધવા ની જરૂર છે કારણ કે લોકો તમને ફક્ત સલાહ આપી શકે છે અને બીજું કંઇ નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આજનો દિવસ તમને તમારા સાથીની રોમેન્ટિક બાજુની અંતિમ હદ દેખાડશે. કોઈને આપતા પહેલા તમારે તે કાર્ય વિશે ની માહિતી પણ એકત્રિત કરવી જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? ગૃહપ્રવેશ માટે શુભ દિવસ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. તમે આજે માતા સાથે સારો સમય પસાર કરી શકો છો, આજે તે તમારી સાથે તમારી બાળપણ ની વાતો શેર કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. માનસિક શાંતિ ખૂબ જ મહત્વપૂર્ણ છે - આ માટે તમે કોઈપણ બગીચા, નદી કાંઠે અથવા મંદિર ની મુલાકાત લઈ શકો છો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. આજે કોઈ પણ મૂંઝવણ તમને દિવસભર ત્રાસ આપી શકે છે. આ મૂંઝવણ ને દૂર કરવા માટે તમારે તમારા પરિવાર ના સભ્યો સાથે વાત કરવી જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે. આજે તમે થોડી મુશ્કેલી માં આવી શકો છો અને તમે સમજી શકો છો કે તમારા જીવન માં સારા મિત્રો રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમારા જીવનસાથી આજે કદાચ વધુ પડતા વ્યસ્ત થઈ શકે છે અને તમારી માટે સમય ફાળવી નહીં શકે. જ્યારે તમારી પાસે વધુ મફત સમય હોય, ત્યારે નકારાત્મક વિચારો તમને વધુ પરેશાન કરે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.



દેશભરમાં આજથી ગણેશ ઉત્સવ શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે ભોક્તો દ્વારા ગણેશજીની મૂર્તિ બજારમાંથી ખરીદી કરી લઈ જતાં નજરે પડે છે.

### પશ્ચિમી દેશોને લઈને આપ્યું મોટું નિવેદન

# આપણે 'વેસ્ટ ઈઝ બેડ' સિન્ડ્રોમમાંથી બહાર આવવાની જરૂર : વિદેશ મંત્રી

## ભારત હવે એક અલગ દેશ છે જેમાં એક અલગ સ્તરનો આત્મવિશ્વાસ અને અલગ નેતૃત્વ છે : એસ જયશંકર

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે સલાહ આપી છે કે આપણે 'વેસ્ટ ઈઝ બેડ' સિન્ડ્રોમમાંથી બહાર આવવાની જરૂર છે. તેમણે કહ્યું કે આપણે એ જૂની વિચારસરણીમાંથી બહાર આવવું જોઈએ જ્યાં જૂના સમયમાં આપણે પશ્ચિમને ખરાબ માનતા હતા. તે પશ્ચિમ નથી જે એશિયા અને આફ્રિકામાં મોટા પાયા પર વેપારનું વિસ્તરણ કરી રહ્યું છે.

વિદેશ મંત્રીનું નિશાન ચીન પર હતું, જ્યાં તેમનું નામ લીધા વિના તેમણે કહ્યું કે આપણે આ વિચારને પાછળ છોડી દેવો જોઈએ જ્યાં પશ્ચિમને ખરાબ માનવામાં આવે છે અને અન્ય દેશોને વિકાસશીલ માનવામાં આવે છે. આવું કહીને તેણે સ્પષ્ટ કર્યું કે તે પશ્ચિમની તરફદારી નથી કરી રહ્યા.

વિદેશ મંત્રી એસ જયશંકર પીએમ વિશ્વકર્મા યોજનાના લોન્ચિંગ સંદર્ભે તિરુવનંતપુરમમાં હતા. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ નવી દિલ્હીમાં ૪૨૦ સમિટમાં સામેલ થયા નથી કારણ કે તેઓ ઈચ્છતા ન હતા કે ભારતને ગ્લોબલ સાઉથના નેતા તરીકે જોવામાં આવે? જયશંકરે કહ્યું કે નક્કર કારણો સ્પષ્ટ નથી, તે અનુમાન છે.

વિદેશ મંત્રીએ કહ્યું કે આજે મુદ્દો એ છે કે મજબૂત ભાવના કેવી રીતે શરૂ કરવી, જ્યાં વૈશ્વિકરણના છેલ્લા ૧૫-૨૦ વર્ષોમાં અસમાનતાઓ જોવા મળી છે. ગ્લોબલાઈઝેશનમાં મેન્યુફેક્ચરિંગ સેન્ટ્રલાઈઝ્ડ થઈ ગયું છે, જેનો ફાયદો પણ થઈ રહ્યો છે અને સબસિડી પણ મળી રહી છે અને તેની અસર વિવિધ દેશોની અર્થવ્યવસ્થા પર પણ પડી રહી છે. ગ્લોબલ સાઉથને લગતા સવાલ પર તેમણે કહ્યું કે આજે ભારતે જે રીતે મેન્યુફેક્ચરિંગ, એગ્રીકલ્ચર, ચંદ્રયાન-૩ મિશન જેવી સિદ્ધિઓ હાંસલ કરી છે તેનાથી ગ્લોબલ સાઉથને ભારતનો વિશ્વાસ વધ્યો છે.



વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી ૪૨૦ સમિટની ઉપલબ્ધિઓ અને ખાલિસ્તાન જૂથને કેનેડાના પ્રોત્સાહન અંગે ખુલ્લી ચર્ચા થઈ હતી. તેમણે કહ્યું કે ભારતની અધ્યક્ષતામાં પ્રભાવશાળી જૂથો ૪૨૦ સાથે જોડાયેલા હતા અને વૈશ્વિક દક્ષિણ પહેલ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી ૪૨૦ સમિટની ઉપલબ્ધિઓ અને ખાલિસ્તાન જૂથને કેનેડાના પ્રોત્સાહન અંગે ખુલ્લી ચર્ચા થઈ હતી. તેમણે કહ્યું કે ભારતની અધ્યક્ષતામાં પ્રભાવશાળી જૂથો ૪૨૦ સાથે જોડાયેલા હતા અને વૈશ્વિક દક્ષિણ પહેલ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

જયશંકરે કહ્યું કે ૪૨૦ દ્વારા ભારતે એક અલગ કૂટનીતિ અપનાવવાનો પ્રયાસ કર્યો અને કોન્ફરન્સની મદદથી દેશમાં બાલ્ટિક વિશે વધુ રસ પેદા થયો. જયશંકરે કહ્યું કે ભારત હવે એક અલગ દેશ છે જેમાં એક અલગ સ્તરનો આત્મવિશ્વાસ અને અલગ નેતૃત્વ છે અને જે રીતે ૪૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું તેનાથી દેશને જ ફાયદો થયો છે.

### નાણામંત્રી નિર્મલા સીતારમણે આપી ખાસ ભેટ । કેન્દ્ર સરકાર દ્વારા વિશ્વકર્મા યોજના શરૂ કરવામાં આવી છે

# કારીગરોને આપવામાં આવતી લોન પર આઠ ટકા સુધીની સબસિડી અપાશે

। નવી દિલ્હી, તા.૧૮ ।

કેન્દ્ર સરકાર દ્વારા વિશ્વકર્મા યોજના શરૂ કરવામાં આવી છે. હવે નાણામંત્રી નિર્મલા સીતારમણ એ વધુ એક સારા સમાચાર આપ્યા છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી વિશ્વકર્મા યોજના હેઠળ સરકાર કારીગરોને આપવામાં આવતી લોન પર આઠ ટકા સુધીની સબસિડી આપશે. આ યોજનાને લોન્ચ કરવા માટે આયોજિત કાર્યક્રમમાં તેમણે કહ્યું કે સરકારે ૨૦૨૩-૨૪ના બજેટમાં ૧૩,૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. વિશ્વકર્મા યોજના વિશે વિગતવાર માહિતી આપતાં નાણામંત્રીએ જણાવ્યું હતું કે કારીગરોને પાંચ ટકાના વ્યાજ દરે કોલેટરલ ફ્રી



લોન આપવામાં આવશે. તેમણે કહ્યું કે આ યોજનામાં સુથાર, સુવર્ણકાર, લુહાર, ચણતર, પથ્થર શિલ્પી, વાળંદ અને નાવિક સાથે સંબંધિત ૧૮ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ અંતર્ગત સરકાર ૩ લાખ રૂપિયા સુધીની લોન આપ શે. તેમણે કહ્યું કે શરૂઆતમાં ૧ લાખ રૂપિયાની લોન આપવામાં આવશે અને ૧૮ મહિના સુધી ચુકવણી કર્યા પછી, લાભાર્થી વધારાના ૨ લાખ રૂપિયા માટે પાત્ર બનશે. યોજનાના ઘટકોમાં માત્ર નાણાકીય સહાય જ નહીં પરંતુ અદ્યતન કૌશલ્ય પ્રશિક્ષણ, આધુનિક ડિજિટલ ટેક્નોલોજી અને કાર્યક્ષમ ગ્રીન ટેક્નોલોજીનું જ્ઞાન, બ્રાન્ડ પ્રમોશન, સ્થાનિક અને વૈશ્વિક બજારો સાથે કનેક્ટિવિટી, ડિજિટલ પેમેન્ટ્સ અને સામાજિક સુરક્ષાનો પણ સમાવેશ થશે.

તેમણે કહ્યું કે દરેક લાભાર્થીને ૫૦૦ રૂપિયાના દૈનિક ભથ્થા સાથે પાંચ દિવસ માટે કૌશલ્ય તાલીમ આપવામાં આવશે. દરેક લાભાર્થીને ત્રણ-સ્તરીય રીતે ઓળખવામાં આવશે.

નાણા મંત્રીએ કહ્યું કે આ સિવાય ટૂલકીટ પ્રોત્સાહન તરીકે ૧૫,૦૦૦ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવશે. ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે, એક મહિનામાં ૧૦૦ જેટલા વ્યવહારો માટે પ્રતિ ટ્રાન્ઝેક્શન માટે ૧ રૂપિયાનું પ્રોત્સાહન આપવામાં આવશે. આનાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો (ઓબીસી), મહિલાઓ અને નબળા વર્ગોને ઘણો ફાયદો થશે.

### સરકારના તાજેતરના આંકડામાં માહિતી સામે આવી

# દેશનાં આંગણવાડી કેન્દ્રોમાં ૪૩ લાખથી વધારે બાળકો મેદસ્વી

## આ સંખ્યા સર્વેમાં સામેલ કરાયેલા કુલ બાળકોની લગભગ ૬%

। નવી દિલ્હી, તા.૧૮ ।

દેશભરમાં આંગણવાડી કેન્દ્રોમાં ગત મહિને ૦-૫ વર્ષની વયજૂથના ૪૩ લાખથી વધુ બાળકો મેદસ્વી કે વધુ વજનની સમસ્યાથી પીડિત મળી આવ્યા હતા. આ સંખ્યા સરવેમાં સામેલ કરાયેલા કુલ બાળકોની લગભગ ૬% જેટલી થાય છે. આ જાણકારી તાજેતરના સરકારી આંકડાઓમાં સામે આવી હતી. સરકાર દ્વારા સંચાલિત ગ્રામીણ બાળ દેખરેખર કેન્દ્રો પાસેથી એકત્રિત કરાયેલા આંકડામાં એવી પણ માહિતી સામે આવી હતી કે મેદસ્વીતા કે વધુ વજનની સમસ્યાથી પીડાતા બાળકોની ટકાવારી આંગણવાડી કેન્દ્રોમાં ગંભીર અને મધ્યમ રીતે કૂપોષિત મળી આવેલા બાળકોની ટકાવારી જેટલી જ એટલે કે ૬ ટકા જેટલી હતી.

બાળકોના વિકાસ સંબંધિત નિરીક્ષણ એપ પોષણ ટ્રેકરથી એકઠાં કરાયેલા આંકડાઓમાં માહિતી મળી કે ૦-૫ વર્ષ વયજૂથમાં કુલ ૭,૨૪,૫૬,૪૫૮ બાળકોને સરવેમાં સામેલ કરાયા હતા જેમાંથી લગભગ ૬ ટકા અથવા ૪૩,૪૭,૩૮૭ બાળકોને મેદસ્વી કે વધારે વજનની સમસ્યાથી પીડિત બાળકો તરીકે વર્ગીકૃત કરાયા હતા. માહિતી અનુસાર મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, રાજસ્થાન, ઉત્તરાખંડ અને ૫.બંગાળ સહિત દેશના ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં બાળકોના મેદસ્વી હોવાનો દર રાષ્ટ્રીય સરેરાશ ૬ ટકાથી વધુ છે.

### ભારતીય હવામાન વિભાગ તરફથી આગાહી

# ઉત્તરાખંડમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતીય હવામાન વિભાગ તરફથી ગુજરાત, મધ્ય પ્રદેશ, અને રાજસ્થાનના કેટલાક વિસ્તારો માટે રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. આઈએમડીએ ગુજરાતમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ અને મંગળવારે ભારે વરસાદની સંભાવના સાથે ઓરેન્જ એલર્ટ પણ જાહેર કરેલું છે. પશ્ચિમ મધ્ય પ્રદેશ અને ઉત્તર કોંકણમાં સોમવારની સાથે સાથે જ ઉત્તરી મધ્ય મહારાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદ અને વીજળી પડવાની શક્યતા છે. બુધવાર સુધી કચ્છમાં હવામાન આવું રહે તેવી શક્યતા છે. રાજ્ય હવામાન ખાતાએ આજે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાઓ માટે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરેલુ છે જ્યારે પાટણ, મહેસાણા, ગાંધીનગર જિલ્લાઓ માટે વરસાદનું ઓરેન્જ એલર્ટ અને કચ્છ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ જિલ્લાઓ માટે વરસાદનું યલ્લો એલર્ટ જાહેર કર્યું છે.

### રશિયા-યુક્રેન યુદ્ધનો મામલો હવે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં

# રશિયા-યુક્રેન યુદ્ધ પર ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં સુનાવણી

## યુક્રેને ગત વર્ષે ૨૪ ફેબ્રુઆરીએ રશિયાના હુમલાના થોડા દિવસો બાદ આઈસીજે સમક્ષ આ મામલો ઊઠાવ્યો હતો

। વોશિંગ્ટન, તા.૧૮ ।

યુદ્ધના મેદાનમાં એકબીજા સામે લડી રહેલાં રશિયા અને યુક્રેન વચ્ચેનો યુદ્ધનો મામલો હવે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં પહોંચી ગઈ છે. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આઈસીજે) હવે આ મામલે સુનાવણી કરશે. આજે જ આ મામલે સુનાવણી શરૂ થશે. યુક્રેને ગત વર્ષે ૨૪ ફેબ્રુઆરીએ રશિયાના હુમલાના થોડા દિવસો બાદ જ આઈસીજેસમક્ષ આ મામલો ઊઠાવ્યો હતો. યુક્રેનનું કહેવું છે કે રશિયાને હુમલાને ન્યાયોચિત ગણાવીને આંતરરાષ્ટ્રીય કાયદાની મજાક બનાવી છે. યુક્રેનના આ આરોપ સામે રશિયાએ દાવો કર્યો છે કે તેણે યુક્રેનમાં નરસંહારને રોકવા માટે તેના પર હુમલો કરવાનો નિર્ણય લીધો હતો. હવે રશિયા તેના આ દાવાને આઈસીજેસમક્ષ રજૂ કરશે. ગત વર્ષે ૨૪ ફેબ્રુઆરીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિને વિશેષ સૈન્ય અભિયાનના નામે યુક્રેન સામે યુદ્ધ શરૂ કર્યું હતું. ત્યારથી બંને દેશો વચ્ચે જંગ થઈ રહી છે. રશિયાએ દાવો કર્યો હતો કે યુક્રેનમાં નરસંહાર થઈ રહ્યું છે અને આ અમારી જવાબદારી છે કે અમે તે લોકોને બચાવીએ.

## વિશેષ

### અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો- ૨૦૨૩

# માઇભક્તોની મનોકામના પૂર્ણ થાય એ માટે કલોલના હાજીપુરની મંથન અપંગ કન્યા સેવા સંકુલની દિકરીઓએ જય અંબે.....ના ૨૧ લાખ જેટલાં મંત્રોનું લેખન કર્યુ

## જય ભોલે ગ્રુપ અમદાવાદના દીપેશભાઇ પટેલ આ મંત્રો આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટરને અર્પણ કરશે

આદ્યશક્તિ માં અંબાના ધામ અંબાજી ખાતે આગામી તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૩ દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાનાર છે. આ મહામેળામાં દૂર દૂરથી લાખોની સંખ્યામાં યાત્રિકો પદયાત્રા કરીને માતાજીના દર્શન કરવા આવે છે. આ મહામેળામાં આવતા માઈભક્તોની મનોકામના પૂર્ણ થાય એ માટે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના હાજીપુરમાં આવેલ મંથન અપંગ કન્યા સેવા સંકુલની દિકરીઓ દ્વારા જય અંબે.....ના ૨૧ લાખ જેટલાં મંત્રોનું લેખન કરવામાં આવ્યું છે. આ સંસ્થામાં ૨૦૦ જેટલી અનાથ, દિવ્યાંગ, માનસિક અસ્થિર અને પ્રજ્ઞાચક્ષુ દિકરીઓ અભ્યાસ કરે છે.

આદ્યશક્તિ માં અંબામાં અનન્ય શ્રદ્ધા અને આસ્થા ધરાવતા જય ભોલે ગ્રુપ અમદાવાદના ફાઉન્ડરશ્રી દીપેશભાઈ પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી મેળા પહેલાંથી આ દિકરીઓએ જય અંબે.....ના મંત્ર લેખનનું કાર્ય શરૂ કર્યુ છે અને અત્યાર સુધીમાં ૨૧ લાખ જેટલાં જય અંબે....ના મંત્રોનું લેખન કર્યુ છે અને હજી પણ આ મંત્ર લેખન કાર્ય ચાલુ છે.

મા જગદંબા સૌની મનોકામના પૂર્ણ કરે અને સૌના જીવનમાં સુખ-સમૃધ્ધિ પથરાય તથા માતાજીના આશીર્વાદ સમગ્ર સૃષ્ટિ પર વરસતા રહે એ માટે આ દિવ્યાંગ દિકરીઓ દ્વારા મંત્ર લેખન કરવામાં આવી રહ્યું છે. જય અંબે... મંત્ર લેખન કાર્ય પૂર્ણ થયા બાદ જય ભોલે ગ્રુપ અમદાવાદના શ્રી દીપેશભાઈ પટેલ આ દિકરીઓએ લખેલા મંત્રો શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલને અર્પણ કરવામાં આવશે.







### પ્રજ્ઞાચક્ષુ દિકરી શિતલે બ્રેઇન લીપીથી જય અંબે...ના મંત્રો લખ્યા

મંથન અપંગ કન્યા સેવા સંકુલની કુલ- ૨૦૦ જેટલી દિકરીઓ દ્વારા જય અંબે.....ના ૨૧ લાખ જેટલાં મંત્રોનું લેખન કરવામાં આવી રહ્યું છે ત્યારે આ સંસ્થામાં અભ્યાસ કરતી પ્રજ્ઞાચક્ષુ દિકરી શિતલે પણ બ્રેઈન લીપીથી જય અંબે...ના મંત્રો લખ્યા છે. માતાજીમાં અતૂટ શ્રધ્ધા ધરાવતી આ દિવ્યાંગ દિકરીએ જણાવ્યું કે, અમે અંબાજી મેળામાં જ્યાં લાખોની સંખ્યામાં માઈભક્તો આવે છે ત્યાં મેળા દરમિયાન જઈ શકીએ એમ નથી એટલે માતાજીને યાદ કરી જય અંબે....ના મંત્રોનું લેખન કર્યુ છે. શિતલે કહ્યું કે, હું જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ છું એટલે જોઇ પણ શકતી નથી પરંતુ માતાજીની શક્તિને અનુભવી શકું છું, મને માતાજીમાં ખુબ જ શ્રધ્ધા છે. મેં બ્રેઈન લીપીથી માતાજીના મંત્રો લખવાનો પ્રયાસ કર્યો છે. એ મંત્રો જય ભોલે ગ્રુપના શ્રી દીપેશભાઈ પટેલના માધ્યમથી માતાજીના ધામ અંબાજીમાં પહોંચશે ત્યારે મને ખુબ આનંદ મળશે.

## ન્યૂઝ બ્રિફ

### ૨૫થી ૩૦ સપ્ટેમ્બરે યોજાનારી લોઅર લેવલ સંવર્ગની ખાતાકીય પરીક્ષા મોકૂફ

| અમદાવાદ, તા.૧૮ |

ગુજરાતમાં વિવિધ સરકારી વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે સમયાંતરે ખાતાકિય પરીક્ષા યોજાતી હોય છે. આવી ખાતાકિય પરીક્ષાનું આયોજન ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાઓ હાલ પુરતી મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજયના વિવિધ સરકારી વિભાગોમાં સરકારી કર્મચારીઓ માટે યોજાતી ખાતાકિય પરીક્ષા મોકૂફ રખાઈ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા લોઅર લેવલ સંવર્ગની ખાતાકીય પરીક્ષાનું તા. ૨૫.૦૯.૨૦૨૩ થી તા. ૩૦.૦૯.૨૦૨૩ દરમ્યાન આયોજન કરવામાં આવેલ હતું. આ ખાતાકીય પરીક્ષા વહીવટી કારણોસર હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવેલ છે. મંડળ દ્વારા નવી તારીખ નક્કી થયેથી ખાતાકીય પરીક્ષાનો કાર્યક્રમ મંડળની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

### વરસાદને કારણે મૂર્તિઓના વેચાણમાં ઘટાડો જોવાયો

| વડોદરા,તા.૧૮ |

વડોદરામાં ગણેશ ઉત્સવને લઈ ભક્તોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં ૫૦ ટકા ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિઓનું વેચાણ થયું છે. આ વખતે વરસાદને કારણે મૂર્તિઓનાં વેચાણમાં ઘટાડો નોંધાવા પામ્યો છે. જેમાં પીઓપી કરતા માટીની મૂર્તિઓ વધુ મોંઘી છે. ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓને પસંદ કરી ભક્તોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. પીઓપી કરતાં માટીની ગણેશ મૂર્તિઓ કિંમતમાં વધુ મોંઘીગણેશ ઉત્સવને લઈ ભક્તોમાં આનંદ છે. ઈકો ફ્રેંડલી મૂર્તિઓનું પચાસ ટકા વેચાણ થયું છે. મૂર્તિકારોનાં કહેવા મુજબ વરસાદને કારણે મૂર્તિઓનાં વેચાણમાં ઘટાડો થયો છે. પીઓપી કરતા માટીની ગણેશ મૂર્તિઓ કિંમતમાં વધુ મોંઘી છે. સૌથી વધુ કિમતમાં બાવીસ, અઢાર અને પંદર હજાર સુધીની મૂર્તિઓ વેચાઈ રહી છે. ભક્તો માટીની ઈકોફ્રેન્ડલી મૂર્તિઓ પસંદ કરીને ખુશ જણાઈ રહ્યા છે. ગણેશ ભક્તો દ્વારા પર્યાવરણની જળવાઈ રહે એટલે લોકો માટીની મૂર્તિઓ ખરીદે છે. ગણેશ ચતુર્થીને લઈ લોકો ઉત્સાહભેર ગણેશને પોતાનાં ઘરે લઈ જવા આતુર છે. આ બાબતે ગણેશજીની મૂર્તિ લેવા ગયેલ સંગીતાબેન પટેલે જણાવ્યું હતું કે, હું ગણેશજીની મૂર્તિ લેવા માટે આવી છું.





મનીષ પ્રજાપતિ, આણંદ

ભેટાસી વાંટા ખાતે આવેલા સેન્ટર હોમમાં પુર પ્રભાવિત ગ્રામજનોની સરકારી ડોક્ટર દ્વારા આરોગ્ય તપાસ કરવામાં આવી.

### ગાજણા ગામ ખાતેથી ૧૭ વ્યક્તિઓનું રેસ્ક્યુ કરતી એસડીઆરએફની ટીમ

# બોરસદ અને આંકલાવ તાલુકાના નીચાણ વાળા ગામોના ૫૫૮ જેટલા વ્યક્તિને સલામત સ્થળે ખસેડાયા

| મનીષ પ્રજાપતિ આણંદ, તા.૧૮ |

મહી નદીમાં વધેલા પાણીના પ્રવાહને ધ્યાને રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાહત અને બચાવની કામગીરી શરૂ કરવામાં આવી છે.

જિલ્લા કલેકટર શ્રી મિલિંદ બાપનાના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી શ્રી બોરસદ તથા આંકલાવ અને બોરસદના મામલતદાર શ્રી અને તેમની ટીમ તથા પોલીસ અને પંચાયત વિભાગ ની ટીમ પણ રાહત બચાવ કામગીરીમાં જોડાયા છે.

એસ ડી આર એફ ની એક ટીમ તથા સ્થાનિક ગ્રામજનોના સહયોગથી ગાજણા ગામ ખાતેથી ૧૭ વ્યક્તિઓને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે.



જ્યારે અગમ ચેતીના ભાગરૂપે આમરોલ, ભેટાસી વાંટા, ગંભીરા અને ઉમેટા ગામમાંથી ભારે વરસાદ થવાને કારણે એ ઉપરવાસમાંથી પાણીનો પ્રવાહ વધવાથી પ્રભાવિત થનાર ૫૫૮ લોકોને પ્રાથમિક શાળા ખાતે બનાવવામાં આવેલા શેલ્ટર હોમમાં ખસેડવામાં આવ્યા છે. આમ, બોરસદ અને આંકલાવ તાલુકાના આમરોલ, સારોલ, ગાજણા, ગંભીરા, કહાનવાડી, બામણગામ અને ભાણપુરા ખાતેથી ૧૫૯ જેટલા વ્યક્તિઓને શેલ્ટર હોમમાં લઈ જવામાં આવ્યા છે.

બોરસદ પ્રાંત અધિકારી શ્રી જય કુમાર બારોટ એ જણાવ્યું કે, સારોલ ખાતેથી ચાર વ્યક્તિઓ, ગાજણા ખાતેથી ૧૭ વ્યક્તિઓના અને આમરોલ ખાતેથી ૭૨ લોકોને સાવચેતીના પગલાં રૂપે નિચાણ વાળા વિસ્તારોમાંથી સ્થળાંતરિત કરી દેવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપાયેલ સૂચના મુજબ આરોગ્ય વિભાગની ટીમ રેસક્યુ કરાયેલા અને સ્થળાંતરિત કરાયેલા તમામ લોકોના આરોગ્યની ચકાસણી કરી રહી છે, ઉપરાંત આ તમામ લોકોને રહેવા અને જમવાની સુવિધા વહીવટી તંત્ર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે.

હાલ પાણીના પ્રવાહ મા ઘટાડો થઈ રહ્યો છે અને હાલ કોઈ પણ વિસ્તારમાં પાણીની અંદર માણસો ફસાયા નથી.

સર્વે નાગરિકોને ઉંચાણ વાળા વિસ્તારોમાં રહેવા અને નીચાંણ વાળા વિસ્તારોમાં ના જવા બોરસદ પ્રાંત અધિકારી શ્રી જય કુમાર બારોટએ અપીલ કરી છે.

### મગફળીની અછતના કારણે પીલાણમાં નથી આવતી

## તહેવારો પહેલાં જ સિંગતેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૩૧૪૦ને પાર પહોંચ્યો

### સિંગતેલના ભાવોમાં બેફામ વધારો શરૂ થતાં લોકો ચિંતામાં : હજુ બીજા સો રૂપિયા વધી શકે

| અમદાવાદ, તા.૧૮ |

ગુજરાતમાં હવે તહેવારનો માહોલ છે. રાજ્યમાં ૩.૫૦ કરોડ ગરીબો છે ત્યાં તેલિયા રાજાઓ આ ગુજરાતીઓનું તેલ કાઢી રહ્યાં છે. ગુજરાતમાં મગફળીની મબલક આવક સામે ખેડૂતોને પાકના ભાવ મળી રહયાં નથી પણ તેલિયા રાજાઓ બેફામ તેલના ભાવ વધારી રહ્યાં છે અને સરકાર મૂકપ્રેક્ષક બનીને બેઠી છે. સસ્તી મગફળી વચ્ચે તેલના ભાવ કેમ ઉંચકાય એ ગણિત ઘણાને ગળે ઉતરી રહ્યું નથી. સ્ટોક કરીને તેલિયા રાજાઓ અછત બતાવી ગુજરાતીઓનો ફાયદો ઉઠાવી રહ્યાં છે. ગુજરાતમાં પાકતી મગફળીના સિંગતેલનો ભાવ સતત વધી રહ્યો છે. ખેડૂતોને ઉંચા ભાવ મળવાના કારણે પડતર વધતાં સિંગતેલના ભાવ વધવાના ગણિતો સમજાય પણ ખેડૂતોને ટેકાના ભાવથી પણ ઓછા ભાવ મળી રહ્યાં છે અને સિંગતેલના ભાવ વધે એ કાળાબજારી છે. સરકાર આ બાબતને સારી રીતે જાણતી હોવા છતાં પણ આ મામલે ચૂપકીદી સાધી લેવાની સાથે તેલિયા રાજાઓને ખુલ્લેઆમ પરવાનો આપી દીધો છે. મગફળીની અછતના કારણે સિંગતેલના ભાવ ફરી વધ્યા છે. લેટેસ્ટ અપડેટ અનુસાર, સિંગતેલના ભાવમાં ફરીથી ૨૦ રૂપિયાનો વધારો થયો છે. આમ, ૫ દિવસમાં સિંગતેલના ભાવમાં ૨૦૦ રૂપિયાનો તોતિંગ વધારો થયો છે. આ કારણે રાજકોટ તેલ બજારના લેટેસ્ટ ભાવ અનુસાર, સિંગતેલનો ડબ્બો ભાવ ૩૧૪૦ને પાર પહોંચ્યો છે.

### ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ કર્યો હોબાળો

## અમદાવાદની સમરસ હોસ્ટેલમાં વાસી જમવાનું આપતા વિદ્યાર્થીઓ દ્વારા હંગામો કરવામાં આવ્યું

### વિદ્યાર્થીઓને સુકાઈ ગયેલા પાઉ અને ભાજીના નામે નામે નર્યું પાણી અપાયુ હોવાનો વિદ્યાર્થીઓને આરોપ છે

| અમદાવાદ, તા.૧૮ |

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં આવેલી સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓએ હંગામો કર્યો. બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને વાસી ભોજન અપાતા વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા અને ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હોબાળો કર્યો હતો. વિદ્યાર્થીઓનો આરોપ છે કે તેમને જમવામાં વાસી ભોજન અપાયુ હતુ. જેમા વાસી, સુકાયેલા પાંઉ અને પાણીથી તરબોળ ભાજી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ નીચી ગુણવત્તાના ભોજનનો વીડિયો બનાવી વાયરલ કર્યો છે. વિદ્યાર્થીઓનો આરોપ છે કે વાસી પાંઉ અને ભાજી તો ખાવાલાયક ન હતા પરંતુ જે રાઈસ બનાવ્યા હતા તે પણ કાચા હતા. તે પણ ખાઈ શકાય તેમ ન હતા. વિદ્યાર્થીઓએ જમ્યા વિના જ ભોજન કચરામાં ફેંકી દઈ હોબાળો મચાવ્યો હતો. મેસ સંચાલક પાસે વિદ્યાર્થીઓએ નવુ ભોજન માગ્યુ હતુ. જો કે મેસ સંચાલકે બીજુ ભોજન આપ્યુ ન હતુ. જેના કારણે અકળાયેલા વિદ્યાર્થીઓએ હંગામો કર્યો હતો. ઘટનાને પગલે હોસ્ટેલ સંચાલક અને રેકટરને બોલાવવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર સંચાલિત આ હોસ્ટેલ વિદ્યાર્થીઓની ફી થી લઈ જમવા સહિતનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. આ પ્રથમવાર નથી કે ભોજનને લઈને સમરસ હોસ્ટેલ વિવાદમાં આવી હોય.

### રાજ્યના ૭૫ તાલુકામાં બે ઇંચ કરતાં વધારે વરસાદ

## રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદ ભારે વરસાદની આગાહી કરવામાં આવી

| અમદાવાદ, તા.૧૮ |

રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદ ગુજરાતમાં ભુક્કા બોલાવી દે તેવી આગાહી છે. ગુજરાતમાં ઓગસ્ટ કોરોધાકોર રહ્યા બાદ સપ્ટેમ્બરમાં વરસાદે હેલી બોલાવી છે. છેલ્લા ૨ દિવસથી રાજ્યમાં ભરપૂર વરસાદ વરસી રહ્યો છે. આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને તેને અડીને આવેલા મધ્યપ્રદેશ પર વેલ માર્ક લો પ્રેસર સર્જાયું છે. તે હવે લો પ્રેસર તરીકે ક્રમશઃ દક્ષિણ-પૂર્વ રાજસ્થાન તરફ આગામી બે દિવસ દરમિયાન આગળ વધશે. તેની અસર તળે રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસી શકે છે. હવામાન ખાતાની પાંચ દિવસની આગાહી મુજબ પ્રથમ દિવસે અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, વડોદરાના અમુક ભાગમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસાદ વરસી શકે છે. જ્યારે પાટણ, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, તાપી, સુરત, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ અને કચ્છમાં ભારે વરસાદ વરસી શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૦૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ પંચમહાલના ગોધરા અને શહેરામાં સાડા નવ ઈંચ વરસાદ પડ્યો છે. મહીસાગરના વીરપુરમાં નવ ઈંચ વરસાદ વરસ્યો છે. સાબરકાંઠાના તલોદ અને અરવલ્લીના બાયડમાં આઠ ઈંચ કરતાં વધારે વરસાદ થતાં ભારે ખાનાખરાબી સર્જાઈ છે. રાજ્યના છ તાલુકામાં આઠ ઈંચ કરતાં વધારે વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૩ તાલુકામાં છ ઈંચ કરતાં વધારે વરસાદ પડ્યો છે. રાજ્યના ૨૨ તાલુકામાં ચાર ઈંચ કરતાં વધારે વરસાદ વરસ્યો છે. રાજ્યના ૪૭ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ત્રણ ઈંચ કરતા વધારે વરસાદ વરસ્યો છે. આમ વરસાદની સતત હેલી રહી છે. ગઈકાલે અમદાવાદમાં પણ મૂશળાધાર વરસાદ વરસ્યો હતો. રાજ્યના ૭૫ તાલુકામાં બે ઈંચ કરતાં વધારે વરસાદ નોંધાતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. રાજ્યના ૧૧૩ તાલુકામાં એક ઈંચ કરતાં વધારે વરસાદ થયો છે.મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં વધુ અસર થવાની શક્યતા છે. જામનગર અને દ્વારકા જિલ્લાના અમુક ભાગમાં ભારે વરસાદ વરસી શકે છે.

### ભારે વરસાદ! ગુજરાતના ૮૭ જળાશયો હાઈએલર્ટ ઉપર

ગુજરાતમાં વરસાદે હાહાકાર મચાવ્યો છે. રાજ્યના ૧૦૦ તાલુકામાં ૧થી ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં હજુ ૪ દિવસ ભારેથી અતિભાગે વરસાદની આગાહી છે. રાજ્યમાં ખરાબ પરિસ્થિતિ વચ્ચે એસડીઆરએફ, એનડીઆરએફની ટીમો ખડકાઈ છે. પંચમહાલ અને ગોધરા શહેરની હાલત ખરાબ થઈ ગઈ છે. રાજ્યમાં નર્મદા ડેમમાંથી છોડાયેલા પાણીના પગલે નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૮૯.૭૯ ટકા પાણીનો સંગ્રહ થયો છે. હાલમાં સરદાર સરોવર ડેમમાં પાણીની આવક ૬.૧૬ લાખ ક્યુસેક અને જાવક ૫.૯૪ લાખ ક્યુસેક છે. ધીરેધીરે પૂરની સ્થિતિ ઓસરી રહી છે. હાલમાં સરદાર સરોવર ડેમના ૨૩ દરવાજા ૩ મીટર સુધી ખુલ્લા છે. સરદાર સરોવર ડેમ સંપૂર્ણ છલકાયો છે. રવિવારે સવારે આઠ વાગ્યાની સ્થિતિએ ગુજરાતના ૮૭ જળાશયો હાઈએલર્ટ મોડ ઉપર મુકાયા છે, જ્યાં ૯૦ ટકા કે તેથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. ૨૬ જળાશયો એલર્ટ ઉપર મુકાયા છે, જ્યાં ૮૦થી ૯૦ ટકા વચ્ચે પાણી છે, ૨૨ જળાશયોમાં વોર્નિંગ અપાઈ છે, અહીં ૭૦થી ૮૦ ટકા વચ્ચે પાણીનો સંગ્રહ છે.

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઇન્ડીયન સ્વચ્છતા લીગ સીઝન - ૨નું આયોજન કરાયું



| અમદાવાદ, તા.૧૮ |

અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈન્ડીયન સ્વચ્છતા લીગ સીઝન - ૨નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શહેરના કાંકરીયા લેકફ્રન્ટ ખાતે યોજાયો હતો, જેમાં શહેરના મેયર સુશ્રી પ્રતિભા જૈન તથા જાણીતા કલાકાર શ્રી મયુર વાકાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, સ્વચ્છતા એ રોજિંદા જીવનમાં અપનાવવાનો સદગુણ છે. તેઓએ ભીના અને સુકા કચરાને અલગ તારવવા અને પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ન કરવા અનુરોધ કર્યો હતો. આ તકે મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન અને જાણીતા કલાકાર શ્રી મયુર વાકાણીએ શહેરને સ્વચ્છ રાખવા અપીલ કરી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા રેલને પ્રસ્થાન કરાવ્યું હતું.

### રાજ્યમાં વરસાદને કારણે અનેક સ્થળોએ તારાજી સર્જાઈ

## વરસાદને કારણે બચાવ-રાહત પગલાની સમીક્ષાને લઈ ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ

| ગાંધીનગર,તા.૧૮ |

રાજ્યભરમાં ભારે વરસાદને પગલે સર્જાયેલી સ્થિતિ અને વહીવટીતંત્ર દ્વારા લેવાયેલા બચાવ-રાહત પગલાંઓની સર્વગ્રાહી સમીક્ષા અંગે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શન અને નિગરાનીમાં સમગ્ર તંત્ર સતત એલર્ટ મોડ પર રહીને આપદા પ્રબંધન માટે સુસજ્જ છે. રાજ્યમાં વરસાદને કારણે અનેક સ્થળોએ તારાજી સર્જાઈ છે. આ સંદર્ભમાં પ્રવક્તા અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન અને વરિષ્ઠ સચિવો સહભાગી થયાં હતાં. મંત્રી ઋષિકેશ પટેલે ભારે અસરગ્રસ્ત જિલ્લાઓના કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીત કરીને તેમના જિલ્લામાં થઈ રહેલી કામગીરીની વિગતો મેળવી હતી અને જરૂરી સૂચનાઓ આપી હતી. અસરગ્રસ્ત જિલ્લાઓમાંથી લોકોનું સલામત સ્થળે સ્થળાંતર, પાણીમાં ફસાયેલા લોકોને NDRF અને SDRFની મદદથી બહાર કાઢવા સહિતની વિગતો તેમણે સંબંધિત કલેક્ટરો પાસેથી જાણી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
CNN Channel Nine Network GUJARAT
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨